॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

જુલાઈ ૨૦૧૫
રૂા. ૫/૦૦

## શ્રી પુરૂષોત્તમ માસ (અધિક માસ) દરમ્યાન શ્રી નરનારાયણ આદિ દેવોનો પંચામૃત મહા અભિષેક તથા અન્નકૂટોત્સવ ભુજ મંદિરના કોઠારી પ.ભ. રવજીભાઈ માવજી ભુડીયાના યજમાન પદે ધામધૂમથી ઉજવાયો





## ભુજ મંદિર દ્વારા આયોજીત શ્રી નરનારાયણ દેવ મેઘા મેડિકલ ૨૦૧૫ કેમ્પના દર્દીઓને દર્શન આપવા પધારેલ મહંત સ્વામી આદિ સંતો-ભુજ.






શ્રી પુરૂષોત્તમ માસ (અધિક માસ) દરમ્યાન પવિત્ર ગંગાજી સ્થળે એક મહિના સુધી ચાલનાર સ્વામિનારાયણ મહામંત્ર જપયજ્ઞનું દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરાવતા મહંત સ્વામી આદિ સંતો, શ્રીહરી તપોવન ગુરૂકુળ ગંગાજી-રામપર વેકરા







॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥ ૭

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક




પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૧ કુલ્લ અંક ૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૫ અંક - ૭ - જૂલાઈ – ૨૦૧૫
સળંગ અંક - ૩૫૫

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

સવારે વર્તમાનપત્ર ખોલો અને તેમાં દરરોજ અપમૃત્યુના - એમાંય ખાસ આત્મહત્યાના સમાચાર વાંચવા મળે. એવો એક પણ દિવસ જતો નથી કે છાપામાં આત્મહત્યાના સમાચાર ન હોય !

ઈશ્વરે જીવન જીવવા માટે આપ્યું છે. જીવનનો અંત આણવાનો માનવને કોઈ અધિકાર નથી. શિક્ષાપત્રીના ૧૪મા શ્લોકમાં સ્પષ્ટ જણાવેલું છે કે, 'અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો, ને ક્રોધે કરીને ન કરવો, અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મૂંઝાઈને પણ આત્મઘાત ન કરવો, અને ઝેર ખાઈને તથા ગળે ટૂંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો.'

સૌ કોઈ સમજે છે અને જાણે છે કે શિક્ષાપત્રીનો આ આદેશ સર્વથા યોગ્ય છે. અને આત્મહત્યા ઈશ્વરનો દ્રોહ છે તેમ છતાં આત્મહત્યાનું પ્રમાણ ચિંતાનો વિષય છે. આવું થવાનું કારણ શું ? આજુબાજુના નૈતિક અને માનસિક સંજોગોને કારણે તનાવગ્રસ્ત માહોલનું નિર્માણ થતું જાય છે, લોકોનો પોતાની જાત પરનો વિશ્વાસ અને ભગવાન પ્રત્યેની શ્રધ્ધામાં ઘટાડો થતો જાય છે. પરિણામે લોકોમાં જીવનનાં ઉદાત્ત મૂલ્યોનો અભાવ જણાય છે, લોકોને નિરાશાજનક વિચારો ખોટી દિશામાં દોરી જાય છે. આજની સ્વાર્થી જીવનશૈલીનાં કારણે કૌટુંબિક વાતાવરણમાં પણ હૂંફ અને આત્મીયતાનો અભાવ જોવા મળે છે. તેથી વ્યક્તિ એકલતા અનુભવે છે. સ્નેહ, સદ્‌ભાવ અને સત્સંગની ગેરહાજરીમાં તે વ્યક્તિ હતાશાથી ઘેરાઈ જાય છે. અને તે ન કરવાનું કરી બેસે છે. આવી પરિસ્થિતિ દૂર કરવી અતિ આવશ્યક છે. વડીલોએ, સમાજિક અગ્રેસરોએ, ધાર્મિક સંસ્થાઓએ અને સંતોએ આ ગંભીર સમસ્યાને હલ કરવા ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ અને એવું વાતાવરણ સર્જવાની જરૂર છે કે ગમે તેવા કપરા સંજોગોમાં વ્યક્તિને એવું ક્યારેય ન લાગવું જોઈએ કે હું એકલો છું અને મારું કોઈ નથી, મારી સમસ્યાનું કોઈ સમાધાન નથી. આવું થશે તો જ આત્મહત્યાનું પ્રમાણ ઘટશે અને કાળક્રમે નાબૂદ થઈ શકશે. આવું ત્યારે જ શક્ય બને જ્યારે આજની જીવનશૈલીમાં બદલાવ આવે. સ્વાર્થ, લાલચ, અનીતિ, અનાચાર અને નાસ્તિકતાની જગ્યાએ પરમાર્થ, ઔદાર્ય, નૈતિકતા, સદાચાર અને આસ્તિક મનોવૃત્તિનું નિર્માણ થાય. ઘણાને આ વિચાર હાસ્યાસ્પદ કે અસંભવ લાગશે પરંતુ મક્કમ મનોબળ સાથે એવો દૃઢ નિર્ધાર કરી લઈએ કે આ પળથી જ હું શિક્ષાપત્રીમાં આપેલા આદેશોનું ચૂસ્ત પાલન કરીશ, શિક્ષાપત્રીએ જીવન જીવવા માટે અતિ કલ્યાણકારી માર્ગદર્શન કર્યું છે તે મંગલમય માર્ગને હું અનુશરીશ અને એ રીતે જ હું મારા જીવનનાં વ્યવહારો કરીશ અને મારું કુંટુંબ અને મિત્રવર્તુળ પણ એ રીતે જ જીવન વ્યતીત કરે તેની કાળજી રાખીશ અને સજાગ રહીશ. હું નિયમિત રીતે સંતસમાગમ કરીશ અને સત્સંગ કરીશ. જો આવું બને તો આત્મહત્યા કરવાનો પ્રસંગ જ ન આવે એ હકીકત છે.

આજ કાલ નાની વયે વિદ્યાર્થીઓ પણ ડીપ્રેશનનાં કારણે આત્મહત્યા કરી લેતા હોય છે. 'ગુરુપૂર્ણિમાં' નિમિત્તે આપણે ગુરુજનોની વંદના કરીએ છીએ પણ તેમની શીખ કેટલી આત્મસાત કરીએ છીએ ? શિક્ષકોનો દરજ્જો ગુરુનો જ દરજ્જો છે. શિક્ષકોની નૈતિક જવાબદારી રહે છે કે વિદ્યાર્થીઓમાં બાલ્યાવસ્થાથી જ એવા સંસ્કારોનું નિરૂપણ કરવું કે તેઓમાં નૈતિકતાની સતત વૃધ્ધિ થતી રહે. બાળકોનું ઘડતર એવી રીતે કરવું કે વિકટમાં વિકટ પરિસ્થિતિમાં પણ તેઓ હિંમત ન હારે અને હતોત્સાહ ન થાય. જો આવું થાય તો વિદ્યાર્થીઓ આત્મહત્યાનું વિચારશે પણ નહીં. ગુરુજનો પણ આ સામાજિક સમસ્યા હલ કરવા મહત્ત્વનું યોગદાન આપી શકશે. આ માટે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ચિંતન શિબિરો યોજી વિદ્યાર્થીઓને અધ્યાત્મને માર્ગે દોરવા જોઈએ.

આપણે ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે યાચના કરીએ કે સૌને સન્મતિ આપે.

જય શ્રીસ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## વેદોપબૃંહ્મણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક–૪૪

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



બીજો અધ્યાય

જીવના ત્રણ જન્મોનું વર્ણન.

**પહેલો જન્મ :**

આ સાંસારિક મનુષ્ય જે હવે પરમાત્મા દ્વારા પ્રથમ મનુષ્યરૂપ પ્રાપ્ત કર્યા પછી નિશ્ચય પુરુષ જ વીર્યરૂપથી ગર્ભ બને છે - જે આ પુરુષમાં વીર્યરૂપ છે. સર્વપ્રથમ તે પિતાના શરીરમાં રેતસ્ અથવા વીર્યના રૂપમાં રહે છે. આ વીર્ય રૂપી તેજ જ પિતા દ્વારા માતાના ગર્ભમાં પ્રવેશ કરે છે. આ જ જીવનો પહેલો જન્મ છે.

**બીજો જન્મ :**

માતાના શરીરમાં વિકસિત થઈને પ્રસવ પછી ગર્ભથી (માતાના ઉદરથી) બહાર આવીને બાળકના રૂપમાં ઉત્પન્ન થાય છે તે જીવનો બીજો જન્મ માનવામાં આવ્યો છે.

**ત્રીજો જન્મ :**

આ બીજી જન્મ પછી પિતા જાતકર્મ આદિ સંસ્કારોથી તે બાળકની ઉન્નતિ એવં વિકાસ કરે છે તથા તેમનું પાલન પોષણ કરીને, યોગ્ય બનાવીને તે વાસ્તવમાં પોતાના કર્તવ્યનો નિર્વાહ કરે છે. આ પ્રમાણે પિતાના કર્તવ્યથી પુત્ર વિકાસને પામે છે. તેથી પિતાના આત્મસ્વરૂપ પુત્ર શુભકાર્યોમાં તેમનો પ્રતિનિધિ થઈ જાય છે. આવી રીતે પિતૃ ઋણની મુક્તિ અને શરીરની આયુષ્ય પૂર્ણ થયા પછી તે આ સંસારને છોડીને ચાલ્યો જાય છે અને કર્માનુંસાર જે પણ યોનિમાં તે જીવાત્મા જન્મ લે છે તે તેનો ત્રીજો જન્મ છે. અન્તમાં ગર્ભમાં સૂતેલા વામદેવ ઋષિ યથાર્થ જ્ઞાનને કારણે જન્મ-મરણને સમજીને જુદી જુદી યોનિમાં જન્મ લેવાને કારણે ભોગવેલ દુ:ખોથી મુક્ત થઈને ઊર્ધ્વગતિ દ્વારા ભગવાનના પરમધામમાં પહોંચીને અમૃતમય થઈ ગયા, અર્થાત્ જન્મ-મૃત્યુના ચક્રથી સદાય માટે મુક્ત થઈ ગયા.

ત્રીજો અધ્યાય

ઉપાસ્ય આત્મા કોણ છે ? જીવાત્મા કે પરમાત્મા ?

ઉપનિષદ્‌ના અંતિમ અધ્યાયમાં ઉપાસ્ય દેવના સ્વરૂપનો નિશ્ચય કરવામાં આવ્યો છે.

"कोऽयमात्मेति वयं कतरमुपास्महे कतरः स आत्मा ।"

પ્રશ્ન - અમે જેની ઉપાસના કરીએ છીએ અર્થાત્ ઉપાસના કરીને આપણે પ્રાપ્ત કરવો જોઈએ તે આ

આત્મા કોણ છે ? જીવાત્મા કે પરમાત્મા એ બેમાંથી કોણ છે ? દેવ-મનુષ્યાદિ પ્રાણિમાત્રને સર્જનારા આત્મા જ છે એવો નિશ્ચય થયા પછી તેની અમે ઉપાસના કરીએ છીએ પરન્તુ તે આત્મા કોણ છે ? ''येन रूपं रसं गन्धं शब्दान् स्पर्शाश्च मैथुनान् एतेनैव विजानाति'' અર્થાત્ જેમની અમે ઉપાસના કરીએ છીએ, તે દેવ કોણ છે ? કેવા છે ? કોની શક્તિથી મનુષ્ય જુવે છે, સાંભળે છે, સૂંઘે છે, બોલે છે અને સ્વાદ ગ્રહણ કરે છે ? પહેલા બે અધ્યાયોમાં બે પ્રકારના આત્માનું વર્ણન કરવામાં આવ્યું છે. એક તો તે આત્મા (પરમાત્મા) જેનાથી સૃષ્ટિના પ્રારંભમાં આદિપુરુષ (મૂલપુરુષ)ની ઉત્પત્તિ કરીને તેમાં અનુપ્રવેશ કર્યો. બીજો એ આત્મા (જીવાત્મા) જે જન્મ-જન્માન્તરની પરંપરા અંતર્ગત પુરુષના વીર્ય દ્વારા સ્ત્રીના ગર્ભમાં પ્રવેશ કરીને સંસારમાં જન્મ લે છે. આ બન્ને આત્માઓમાંથી કોની ઉપાસના કરવી જોઈએ.

ઉત્તર - આ વિષય પર વિચાર કરવાથી એવું જ્ઞાન થાય છે કે - (પરમાત્મા જ મારા ઉપાસ્ય દેવ છે.) આ મન-હૃદય જેની શક્તિ દ્વારા શરીર અને સૃષ્ટિ ઉપર શાસન કરવાની, સંસારમાં રહેલ વસ્તુઓના જુદા જુદા રુપ-રંગના વિજ્ઞાનને જાણવાની, સર્વેને સમજવાની, અનુભવને ધારણ કરવાની, બુદ્ધિમાં નિશ્ચય કરવાની, મનીષા અર્થાત્ મનન કરવાની, સ્મરણ કરવાની, સંકલ્પ કરવાની, મનોરથ કરવાની, ઈચ્છા કરવાની આદિ જે જુદી જુદી જે શક્તિઓ મન અને હૃદય પ્રાપ્ત કરે છે તે શક્તિ પરમાત્મા થકી જ પ્રાપ્ત કરે છે અને આ પરમાત્માની સત્તાનો બોધ કરાવે છે.

આ પ્રમાણે વિચાર કરીને જીવાત્મા નિશ્ચય કરે છે કે - સર્વેને ઉત્પન્ન કરીને અને ઉપર જણાવેલ બધી શક્તિઓથી સર્વેને સંપન્ન કરનાર, સર્વેનું રક્ષણ કરનાર પરમાત્મા જ મારા ઉપાસ્ય દેવ છે. તે જ વંદનીય છે. આ સંસારના પાંચ મહાભૂતો પૃથ્વી-જળ-તેજ-વાયુ અને આકાશ તેમજ અણ્ડજ, સ્વેદજ, ઉદ્‌બીજ અને જરજમાં રહેલ પ્રાણી ગાય, હાથી, પુરુષ આ બધા આ પરમાત્માની શક્તિને કારણે કાર્ય કરવા સમર્થ થાય છે. તેથી એવો નિશ્ચય થાય છે કે - સર્વજ્ઞ, પ્રજ્ઞાનસ્વરૂપ પરમાત્માજ સર્વેના ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણભૂત પરમાત્મા પરબ્રહ્મ જ અમારા ઉપાસ્ય દેવ છે. આંહિ વામદેવ ઋષિ આવા પરમાત્માને ગર્ભમાં જ જાણીને ઉપાસના કરી અને આ લોકથી ઉર્ધ્વગતિવાળો થઈને તે અક્ષરધામમાં પરમાત્માન સાથે સર્વદિવ્ય ભોગોને પ્રાપ્ત કરીને, મરણ ધર્મે રહિત (મુક્તિ)ને પ્રાપ્ત કરી લીધી. આ પ્રમાણે ઉપનિષદની સમાપ્તિ થતાં સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી કહે છે કે લોક, લોકપાલો અને ગાય, ઘોડા વગેરે પ્રાણિઓ જેને સર્જ્યા અને જેમાં પ્રવિષ્ટ થયેલા છે તે પ્રજ્ઞાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણનો હું આશ્રય કરું છું.

વિદ્યાફળ

આવી રીતે આ ઉપનિષદ્‌ની આ વિદ્યાને જાણી લે છે તે આ લોકના ચક્રમાંથી છૂટીને ભગવાનના ધામને પ્રાપ્ત કરી લે છે. ઋષિના આ શુભાશીર્વાદની સાથે આ ઉપનિષદ્‌ની સમાપ્તિ થાય છે.

ક્રમશઃ

## જુલાઈ મહિનાની આગામી કથાઓ

| તારીખ | ગામ | યજમાનશ્રીઓ |
|---|---|---|
| ૨-૭-૧૫ | નારણપર ઉ.વાસ | લોદરવા ગંગાજી ઉપર કથા પારાયણ દિવસ પાંચની |
| ૨૫-૭-૧૫ | ભુજ | શ્રીસ્વામિનારાયણ મંદિર વિલ્સડન પાટોત્સવ નિમિતે કથા પારાયણ દિવસ સાતની બન્ને મંદિરમાં |
| ૨૭-૭-૧૫ | રામપર જુનાવાસ | કથા પારાયણ દિવસ પાંચની |

# આપણું ખરું દુ:ખ કયું ?!!

અહેવાલ :- રસિકભાઈ રામજીભાઈ ગોળવિયા,
સુરત (વેળાવદરવાળા)

આપણે સર્વેએ આ સંસારનું જે શારીરિક દુ:ખ છે તેને જ દુ:ખ માની લીધું છે. પણ તે ખરું દુ:ખ નથી. તે તો કર્મ વશાત ભોગવવાનું હોય છે તે માત્ર અહીં જ સંસારમાં જ્યાં સુધી દેહ રહે છે ત્યાં સુધીનું જ છે. દેહ પડે કે કર્મફળ ભોગવાય જાય એટલે પુરુ થઈ જાય આપણે સર્વેએ શારીરિક રોગ, ધનસંપત્તિ ન હોવી, કુપુત્ર અથવા સારી પત્ની કે ત્યાગી વર્ગને સારા શિષ્ય ન હોવા વગેર વગેરેને દુ:ખ માની લીધું છે તે દુ:ખને હટાવવા સહુ કોઈ હરઘડી મહેનત કરીએ છીએ. અને ક્યારેક હારી પણ જોઈએ છીએ રોગમુક્ત થઈ જઈએ છીએ. સંપત્તિ મળી જાય પુત્ર કે પત્ની કે શિષ્યને સદ્‌બુધ્ધિ આવે છે જે દુ:ખ ફક્ત આ એક સંસારનું હોય છે જેને મૃત્યુ તકનું (સુધીનું જ) દુ:ખ કહી શકાય. પણ સત્‌શાસ્ત્રોમાં કહ્યા મુજબ ખરું દુ:ખ તો જન્મવું ને મરવું દર વખતે મા નવી. (શાસ્ત્રકારો તો કહે છે કે આપણા એટલા જન્મ થયા છે કે એક સમુદ્રના પાણી જેટલું માનું દૂધ ધાવ્યા હશું. બીજું દુ:ખ લખચોર્યાશીનું જે જન્મ અને પછી મરણબાદ કઈ યોનિમાં જન્મ આવે જે લખચોર્યાશી કહેવાય છે. ભૂંડણા, કૂતરા, બિલાડા, ઝાડ કે પહાડ વગેરે યોનીમાં જન્મ આવે તે છે. અને બીજું દુ:ખ પાપ પુણ્યના કર્મફળ પ્રમાણે યમયાતના યમદૂત મારફતે યમપુરીમાં જાતજાતના કુંડોમાં નાખી ભોગવાવે છે. તે દુ:ખ વ્યભિચાર કર્યો હોય તો લોખંડની સ્ત્રી કે પુરુષની પૂતળી ગરમ કરી ભેટાડે છે. પાપના ફળ રૂપે દેહને ચીરી ભાંગી ફરી ઊભો કરે છે. હાડકાંભાગી પાછો સજીવન કરે છે, દારૂ પીનારને ગરમાગરમ શીશું થાય છે. આજે દુ:ખ છે તે ત્રણ દુ:ખને આપણે ગણકારતા કે જાણતા જ નથી, જાણીએ છીએ તો આંખ આડા કાન કરીએ છીએ પડશે ત્યારે દેવાશે તેમ કહીએ છીએ. એનું થોડું કારણ એ પણ છે કે આપણને ભગવાને આગળના જન્મના ભોગવેલ દુ:ખ કે હવે પછી ભોગવવાના થતાં દુ:ખની વિસ્મૃતિ ભગવાને કરાવી છે તે આગળનું યાદ નથી પાછળનું યાદ આપતા નથી તેથી આપણે નિરાંતે બેઠા છીએ. જો સ્મૃતિ આપી હોત તો આગળના જન્મમાં કોઈ નીચ વર્ણમાં કે ભૂંડ જેવા યોનિમાં જન્મ આવેલો હતો તે જાણીને અને હવે પછી ઊંટીયા, બિલાડા કે ગધેડામાં જન્મ આવશે તે જાણીને પાગલ થઈ જાત પણ ભગવાને તે વિસ્મૃતિ કરાવી દીધી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમજ ધર્મશાસ્ત્રોમાં જેવા કે ગરૂડપુરાણમાં વ્યાસજીએ પછી સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ યમદંડમાં આ વાતનું સુપેરે વર્ણન કર્યું છે જે જન્મ મરણ, લાખચોર્યાશી પછી યમયાતના તેથી બચવા પૂર્ણ ઉપાય બતાવ્યા છે અને તે મનુષ્ય દેહથી સરળ રીતે થાય તેવા જ ઉપાય છે. જેમકે ભગવાનની શરણાગતિ (તેને શરણે જાય પછી બધી જ જવાબદારી ભગવાન લે છે. તન, મનથી ખરું તેને અર્પણ થવું જોઈએ) ભગવાનની કંઠી, તેમના ચિહ્નો, તિલક ચાંદલો બાહુમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ જેવા ચિહ્નો અંકિત હોય ભગવાનનો આશ્રય ભગવાનની નિષ્કપટ ભક્તિ ભજન, ભગવાનનું મહાત્મ્ય જાણવું કે ભગવાન કેવા મોટા છે. તે તેનાથી છુટવાનો ઉપાય છે પણ આ બધું આવે કેવી રીતે

હરરોજ સત્પુરુષ, સત્‌શાસ્ત્રોનો યોગ, કથાવાર્તાની ટેવ, દરરોજ સત્સંગ કરવો તો જ આ બધું આવે છે. સાર અસારનો વિવેક જણાય છે. સંસારમાં અરુચિ અને પછી ભગવાન અને સંત ભક્તિમાં રુચિ થાય છે અને ભગવાન શ્રીકૃષ્ણએ તો ગીતામાં કહ્યું છે, ભાગવતમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ કહ્યું છે પણ સ્પેશ્યલી આપણને ભગવાન શ્રી સ્વામિનારાયણએ કહ્યું છે કે મારા જનને મારે જરૂર તેડવા આવવું તેવી મારી પ્રતિજ્ઞા હું ક્યારેય બદલતો નથી. પણ પ્રભુના શરણે જવું જોઈએ દ્રઢ આશ્રય કરવો પડે.

આટલું કરો પછી યમને તમને અડકવાની સંપૂર્ણ ના છે. કોઈ પણ યમદૂત તમારી પાસે ન આવે. ઉપરથી નમ્ર થઈ નમસ્કાર કરી જતા રહે છે. કારણ કે પ્રભુનો ઓર્ડર છે તે માન અમારો છે. તેને લઈ જવો કે તેની સામું પણ જોવું નહીં. તેનો અધિકાર ફક્ત મારો (પ્રભુનો) જ છે. તેનું રક્ષણ અને નિર્વાહ કરવો તે મારા શિરે છે. પણ તેમાં જો બ્રહ્મરૂપ ભક્તિ કરીએ તો જ પણ આત્મઘાત કરીએ કે શ્વાસો લેવાના હોય અને બળપૂર્વક દેહને આત્મઘાત કહેતા પાણીમાં પડી, ઝેર ખાઈ, આગ લગાડી મરીએ તો તેને ભગવાન સ્વીકારતા નથી. તેને યમ પણ લેતા નથી પછી તે ત્રીજી યોનિ જે ભૂત યોનિમાં જઈ ક્યાં સુધી ભટકે તેનું કોઈ નક્કી નથી. હા પાણીમાં અકસ્માતે પડી ગયા હોય કે બચવાનો ઉપાય ન ફાવ્યો હોય કે કોઈની બચવા સહાય ન મળી હોય તો જરૂર ભગવાન તેડવા આવે છે. તેવી જ રીતે જો કોઈ જાતે કેરોસીન છાંટી બળે કે ઝેર ખાય તો નહી પણ અકસ્માતે આગમાં ફસાયા હોય એ અને બચવાની કારી ન ફાવે કે ભૂલથી ઝેર ખવાઈ ગયું હોય કે વસ્તુ પદાર્થમાં ઝેર થઈ ગયું હોય અને મુત્યુ થાય થાય તો પ્રભુ જરૂર તેડવા આવે તેવું ભગવાનનું વચન છે.

હવે આપણે દરરોજ સત્સંગ કરતા હોઈએ સંતો ભક્તો તે સત્‌શાસ્ત્રોનો યોગ હોય તો દરરોજ શબ્દો સાંભળવાથી કંઈક તો અસર જરૂર થાય. સંસારમાં અરુચિ જરૂર થાય. ભગવાન કે સંત ભક્તમાં રુચિ થાય હેત થાય. ભગવાનનું મહાત્મ્ય સમજાય. આ ભગવાન કેવા મોટા છે. આવા વખતે કોઈ આપણને કહે સ્વર્ગમા જવું છે કે અક્ષરધામમાં ત્યારે આપણે સ્વર્ગના સુખને ઠેબે મારી દઈએ અને કહીએ કે અમારે સ્વર્ગમાં નથી જવું કારણ કે સ્વર્ગનું સુખ પણ શાશ્વત નથી. સ્વર્ગના દેવતાઓ પણ મૃત્યુલોકના માનવી થઈ ભજન ભક્તિ કરી અક્ષરધામમાં જવા ઈચ્છે છે કારણ કે તેનો પણ ક્યારેય નાશ છે. જ્યારે અક્ષરધામનું જ એક સુખ એવું અવિનાશી અને શાશ્વત છે કે પછી જે આગળના ત્રણ દુઃખ જેને આપણે માણ્યા કે જાણ્યા નથી. અથવા જાણ્યા છે પણ કાને ધર્યા નથી તે મટી જાય છે.

સત્‌શાસ્ત્રોમાં અને આપણા શાસ્ત્રોમાં આ વાત ઘણી જ લખાય છે. તેમાંથી સારરૂપ ટૂંક સારરૂપ મારી બુધ્ધિ પ્રમાણે આપણને ખરું દુઃખ શું છે અને આપણે અત્યારે ક્યા દુઃખને દુઃખ માની રહ્યા છીએ તેના ઉપર પ્રકાશ પાડવા હરિલીલામૃત સાગરમાં આધારાનંદ સ્વામી ક્યાંક ક્યાંક હરિના ચરિત્રો સાથે જ્યાં જરૂર જણાય ત્યાં ઉપદેશાત્મક વાતો કરે છે તેમાંથી લીધેલ છે. તો આપણું શારીરિક આ સંસારનું દુઃખ એ તો કાંઈ નથી પણ જન્મવું અને મરવું, લાખચોર્યાશી તેમજ યમયાતના આ દુઃખ જાણી અને વિચાર કરવો ખરું દુઃખ અને ખરું સુખ ક્યાં છે ? શેમાં છે ? ભગવાન અને ભગવાનના ધામ સિવાય ખરું સુખ ક્યાંય નથી તે જાણ્યા પછી કોઈ પણ દુઃખ રહેતું નથી.

# મને કહોને પરમેશ્વર કેવા હશે ?

અહેવાલ :- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા,
મેમનગર-અમદાવાદ

જૂના બાળગીતોમાં એક સુંદર બાળગીત હતું. "મને કહોને પરમેશ્વર કેવા હશે ?" એ શીર્ષક હેઠળ. એમાં કવિએ બાળકના મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નોની સરસ રજૂઆત કરી છે. માતા બાળકને રોજ પરમેશ્વરની વાર્તા કરીને સુવડાવે છે. બાળકનું નાનકડું મન પરમેશ્વરની વાતોમાં ગૂંથાઈ જાય છે. અને પછી બાળક સ્વપ્નમાં વિચારે છે. એ પરમેશ્વર કેવા હશે ને ક્યાં રહેતા હશે ?

ગગનની ઓઢણીમાં ચાંદા-સૂરજને,
તારાને ગૂંથનાર કેવા હશે ?
આંબાની ઊંચી ડાળે ચડીને,
કેરીને મૂકનાર કેવા હશે ?
ઊંડા એ સાંગરનાં મોજાં ઉછાળી,
ઘૂ ઘૂ ગજાવનાર કેવા હશે ?
અને છેલ્લે
મનેય મારી માડીના ખોળે સુવાડી,
હેતે હલાવનાર કેવા હશે ?

પાંચ વર્ષનો નાનકડો ધ્રુવ અપરમાતા સુરુચિના કટાક્ષથી અને સ્વમાતા સુનીતિના કહેણથી એકલો જ તપશ્ચર્યા કરવા અને પરમેશ્વરને મેળવવા માટે વનની વાટ પકડે છે. નગર વટાવતાં જ નારદજી જેવા સદ્‌ગુરુ સંતનો ભેટો થાય છે. પરમેશ્વરને સાચા હૃદયથી શોધવાની તાલાવેલી અને તલપ જો હશે તો સદ્‌ગુરુ સામે ચાલીને શોધતા આવે છે !

છેવટે પ્રભુ સ્વયં નાનકડા ધ્રુવની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ ચતુર્ભૂજ - સ્વરૂપે દર્શન આપી પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપે છે.

એવો જ નાનકડો પ્રહ્‌લાદ અસુર પિતાના આસુરી ત્રાસથી અકળાતો નથી અને દઢપણે પરમેશ્વરની સર્વવ્યાપકતાને વળગી રહે છે. છેવટે "ધગધગતા લોખંડના થાંભલામાં પણ મારો પરમેશ્વર વસે જ છે." એવા દઢ નિશ્ચય સાથે થાંભલાને ભેટે છે ને નૃસિંહ ભગવાન તત્કાળ પ્રગટ થઈ બાળકની રક્ષા કરે છે. અસુર પિતાનો નાશ કરે છે. ભગવાન પ્રહ્લાદને ખોળામાં લઈને માતા બાળકને જેમ વહાલ કરે છે તેમ વહાલ કરે છે અને વરદાન માંગવાનું કહે છે. ત્યારે પ્રહ્‌લાદ કેવું સરસ માગે છે ! "હે પ્રભો ! તમે મારા અસુરમતિ પિતાથી મારી રક્ષા એને હું રક્ષા નથી માનતો પરંતુ જો કામ ક્રોધ, લોભ આદિક અંતઃશત્રુઓ થકી મારી રક્ષા કરશો એને જ હું મારી રક્ષા માનીશ."

અને એવો જ નાનકડો નચિકેતા અપાર હિંમત અને દઢ નિષ્ઠાથી પિતાને યમદ્વારેથી પાછા લાવે છે !

આ સર્વે બાળદષ્ટાંતોમાં પરમેશ્વરને પામવાની ને પરમેશ્વરનાં સ્વરૂપને જ ઓળખવાની અપાર ધગશ અને અદ્‌ભુત તાલાવેલી જો હતી તો પરમેશ્વર કેવા છે ?, શું કરે છે ?, ક્યા રહે છે ? પરમેશ્વર સંબંધી સકલ જ્ઞાનને અને એમનાં યથાર્થ સ્વરૂપને તે પ્રાપ્ત કરે છે.

આ જીવરૂપી બાળકને પણ પચાસ પચાસ વરસોથી (આ બ્રહ્માના વરસની વાત છે !) પ્રાર્થના કરી કરીને થાક્યા કે, "હે પરમેશ્વર ! હે પ્રભો ! હવે તો અમારા બ્રહ્માંડમાં પધારી અમારા બાળકોને હરહંમેશ સતાવતો રહેતો આ પ્રશ્ન 'મને કહોને પરમેશ્વર કેવા હશે' એનો ઉત્તર આપ સ્વયં આપીને કરશો તો જ આ જીવો આપને ઓળખી શકશે !" (વધુ આવતા અંકે)

# ખરા નિશાનબાજ

અહેવાલ :- જોધાણી રમીલા દેવજી,
માનકુવા (ભક્તિનગર)

એક વખત ભગવાન શ્રીસ્વામિનારાયણ આદરેજ પધાર્યા. આદરેજમાં અન્નકુટ ઉત્સવ કરેલો. ખાંટ પરિવાર, ભાવિકો, મુમુક્ષો બધાને જમાડ્યા અને તળાવને પાળે સભા કરી. આ તળાવ બહુ જ ઊંડું છે. રતુજી ખાંટે કહ્યું, મહારાજ ! તળાવના કિનારે દિવાળીના દિવસે એક રમત રમાય છે. અને તમારી આજ્ઞા હોય તો રમીએ. મહારાજે હા પાડી. રમત એવા પ્રકારની હતી કે માટીના લોટિયા પર એક કોડિયું મૂકવાનું. કોડિયામાં એક વાટ મૂકવાની. પછી માટીનું પાત્ર પાણીમાં તરતું મૂકવાનું. અને પછી ખાંટ પરિવારના બધા દરબારો બદૂંકથી વારાફરતી નિશાન લે. એ નિશાન એવી રીતે લગાવવું કે આ માટીનું પાત્ર તૂટે નહિ. પરંતુ વાટને ગોળી વાગે. અને સળગતી વાટ ઉડી જાય. પાત્ર તૂટવું ન જોઈએ તો એ ખરો નિશાનબાજ થાય અને ગામવાળા એમનું સન્માન કરે.

મહારાજે રજા આપી એટલે તરત જ માટીના પાત્રમાં દીવા ગોઠવાયા અને તળાવમાં તરતા મૂકાયાં. કેટલાય ખાંટ પરિવારો ધબાધબ ગોળીઓ છોડે લોટિયા તૂટી જાય પણ ધાર્યું નિશાન લેવાય નહિ. મહારાજ કહે આમ કેમ થાય છે ? મહારાજ ! કાયમ આવું થાય છે. પચાસ વખત આ બધા પાત્રો તૂટી જાય, માંડ એકાદવાર જ વાટ ઉડે. મહારાજ કહે પહેલે ધડાકે નિશાન લે એવા અમારી સાથે છે. મહારાજ ! તમારી જોડે એવા કેવા વળી, નિશાનબાજ છે. અમને તો ખબર નથી. પછી મહારાજે ભગુજીને આજ્ઞા કરી. લઈ લો બંદૂક હાથમાં પાર્ષદ ભગુજી શૂરવીર ભક્ત હતા. માટીના પાત્રમાં કોડિયો પ્રગટાવ્યો. પાણીમાં તરવા લાગ્યો. દૂર દૂર પહોંચી ગયું પાત્ર. અંધારું હતું. ભગુજીએ ગોઠણભેર ઉભા રહી અને નિશાન લીધું. એક જ ધડાકે વાટ ઉડી ગઈ. અજવાળું કર્યું લોટીયો તરતો હતો અને વાટ ઉડી ગઈ. વાહ મહારાજ અમને તો એમકે આ બધાય માળા ફેરવી જાણતા હશે. મહારાજ કહે અમારી પાસે બધું લશ્કર તૈયાર છે. શાસ્ત્રથી લડવું હોય તો સંતોનું લશ્કર તૈયાર છે અને શસ્ત્રથી લડવું હોય તો પાર્ષદોનું સૈન્ય તૈયાર છે. અમારા ભગુજીતો બહુ જ હોશિયાર છે. અને બીજા લોટિયા છે એ અહીં લાવો. એક દોરડામાં બાંધો. સાત-આઠ પાત્ર એક દોરડામાં બાંધ્યા અને પીપળાના વૃક્ષે લટકાવ્યા. બધા પાત્રો ગોળ ગોળ ફરવા માંડ્યા. બોલો, કયા પાત્રને ગોળી મારવી છે ? બધા કહે કાળીયા લોટાને વીંધો. ભગુજીએતો એક ધડાકે ઉડાવી દીધો.

બધાને થયું કે વાહ વાહ ! અમે એમ માનતા હતા કે અમારા ખાંટ પરિવારો નિશાનબાજ હોય. આ તો ખાંટને પણ ખાટી છાશ પાઈ દે એવા ભગુજી છે. બધાને આનંદ થયો કે સ્વામિનારાયણની સાથે આવા દરબારો, આવા નિશાનબાજ અને શૂરવીર પાર્ષદો છે.

# સાચો સંબંધ કોની સાથે રાખવો ?

અહેવાલ :- રમણ ગજ્જર, ભુજ

કોઈ રૂપાળી સ્ત્રી હોય તો તેના પ્રત્યે સૌની નજર આકર્ષાય છે. અને કોઈ રૂપાળો પુરુષ હોય તો પણ તેના પ્રત્યે મહિલાઓની નજર આકર્ષાય છે. અને પરસ્પર હેત એકબીજાને થાય છે. પણ તે હેત લાંબો સમય ટકતું નથી.

જેમ રૂપ તેમ કામવાસના તથા લોભવૃત્તિ અને સ્વાર્થ આ બધાથી પણ સ્ત્રી અને પુરુષને પરસ્પર હેત થાય છે. પણ તે વાસના તૃપ્તિ થતાં, લોભ પૂરો થતાં અને સ્વાર્થ સિદ્ધ થતાં તે સ્નેહ ઘટવા માંડે છે. અને અંતે નાશ પામે છે.

પણ જે સ્નેહ સંબંધ એક બીજાના ગુણો, સંસ્કારોના આકર્ષણના કારણે થાય છે. તે સ્નેહ સંબંધ જ લાંબો સમય ટકે છે. આવી સમજણ આ લોકમાં લૌકિક વ્યવહારોમાં આપણને જોવા મળે છે. અને તેનો અનુભવ પણ આપણને રોજબરોજના વ્યવહારમાં થતો હોય છે.

માત્ર અને માત્ર સદ્‌ગુણો, સંસ્કારો જોઈને જે સંબંધો બંધાતા હોય છે અને વિકાસ પામતા હોય છે તે જ સંબંધો, સ્નેહ પરસ્પર એકબીજાના જીવન વિકાસમાં, ચારિત્ર્ય ઘડતરમાં ઉપયોગી થતાં હોય છે. આમ કોઈની જોડે સંબંધો બાંધતા પહેલાં આ બધું જાણવું જોઈએ અને જોવું જોઈએ.

નિઃસ્વાર્થ ભર્યા જે સંબંધો હોય છે તે જ લાંબો સમય ટકે છે બાકીના સંબંધો અને પ્રેમ કામ પૂરું થતાં ગરજ સરી કે વૈધ વેરી એમ પૂરા થતાં હોય છે.

આ તો આપણે સામાજિક, વ્યવહારિક, સ્નેહ-સંબંધની વાત કરી પણ જગતમાં જો કોઈ અવિચળ અને અવિનાશી સંબંધ હોય તો તે ભક્ત નો ભગવાન સાથેનો હોય છે. જો કે તેમાં પણ ભગવાન મારું આ કામ કરે અને તે કામ કરે તો જ નાતો રાખીએ તે ન ચાલે. ભગવાન તો હંમેશાં ભક્તનું ભલું જ કરે છે. દાસના દુશ્મન હરિ કદી હોય જ નહિ.

મારા ભક્તને ક્યારે, કેટલી, અને શું જરૂર છે તે ભગવાન જાણતા જ હોય છે. માત્ર પ્રાર્થના, વિનંતી, રજૂઆત કરવી તે ભક્તની ફરજ છે. જોકે તે પણ કરવાની જરૂર નથી હોતી. એવું ધર્મ શાસ્ત્રો ગાઈ વગાડીને કહે છે. કારણ કે ભગવાન તો અંતર્યામી છે. ભક્તોની ભીડ કેવી રીતે ભાંગવી તે ભગવાન જાણતાં જ હોય છે.

આમાં સાચો સંબંધ માત્ર શ્રીહરિ સાથે જ રાખવો જોઈએ. બાકીના સંબંધો સમય આવશે ત્યારે દગો દેશે તે જોખમ રહે છે. પણ ભગવાન ક્યારેય આપણી સાથે દગો કરતા નથી. ભક્ત પ્રહલાદ, નરસિંહ મહેતા, સતી દ્રોપદી, મીરાંબાઈનાં દૃષ્ટાંતો પરથી તે વાત સહેજે સહેજે સમજાઈ જસે. ઈતિહાસમાંથી બોધપાઠ લેવો જોઈએ.

શ્રીમદ્‌ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યુ છે કે, "જે અનન્ય ભક્ત મારું ચિંતન કરતો રહી મારી ઉપાસના કરે છે, મારામાં લાગ્યા રહેનાર તે ભક્તનો યોગક્ષેમ હું વહન કરું છું."

ભગવાન શ્રીસ્વામિનારાયણે પણ પોતાના ગુરુ રામાનંદ સ્વામી પાસે બે વરદાન માંગીને પોતાના હરિભક્તની આલોક અને પરલોકની જવાબદારી સ્વીકારી લીધી છે. જેનો જોટો ધર્મ-સંપ્રદાયોના શાસ્ત્રોમાં ક્યાંય જોવા મળતો નથી. તો પછી હવે શ્રીહરિ સાથે સંબંધ બાંધીને આ જીવન પર્યંત તેમનામાં જ હેત કરીએ.

# માયાવી જગતનો રીમોટ કંટ્રોલ છે 'શબ્દ'

અહેવાલ :- હિમ્મતભાઈ ઠક્કર - "રઘુવંશી"

શિક્ષાપત્રી શ્લોક - ૧૬ :

અકાર્યાચરણે ક્વાપિ જાતે સ્વસ્ય પરસ્ય વા ।
અઙ્ગચ્છેદો ન કર્તવ્યઃ શાસ્ત્રાદ્યૈશ્ચ ક્રુધાપિ વા ॥



અને જ્યારે ક્યારેક પોતાવતો કાંઈક આયોગ્યાચરણ થઈ ગયું હોય અથવા બીજાવતે અયોગ્યાચરણ થઈ ગયું હોય, તો શસ્ત્રાદિકે કરીને પોતના અંગનું તથા બીજાના અંગનું છેદન કરવું નહિ, અથવા ક્રોધે કરીને પણ પોતાના કે બીજાના અંગનું છેદન કરવું નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકને વિસ્તાર પૂર્વક સમજાવે છે કે જેમ કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહિ, તેજ રીતે કોઈ પણ પ્રાણીઓના અંગનું છેદન પણ કરવું નહિ.

ક્યારેક લોક ને શાસ્ત્રમાં નિષેધ કરેલા પાપકર્મનું આચરણ પોતાથી અથવા બીજાથી થઈ ગયું હોય, તો તલવાર, છરી, સજાયો આદિક શાસ્ત્રો વડે કરીને પોતાના અથવા પાતાનો અપરાધ કરનાર સ્ત્રી, પુરુષ, પશુ, પક્ષી આદિક બીજાના કર્ણ, નાસિકા, શિશ્ન આદિક અંગનું છેદન કરવું નહિ, ભગવાને આપેલા અખંડિત શરીરને જો પોતે ખંડિત કરી નાખે તો એ ભગવાનનો દ્રોહ કર્યો કહેવાય છે. અને એના ઉપર ભગવાનનો કુરાજીપો થાય છે. તેથી વારંવાર જન્મમરણરૂપી સંસૃતિમાં ભ્રમણ પ્રાપ્ત થાય છે.

વધુમાં પોતાના હાથ વડે ચોરી ઈત્યાદિક આયોગ્ય કર્મ થઈ ગયું હોય. અથવા નેત્રો વડે પરસ્ત્રી ઉપર કુદૃષ્ટિ ઈત્યાદિક પાપ કર્મ થઈ ગયું હોય, અને પછી વિચારે કે મારા હાથથી કે નેત્રોથી આવું આયોગ્ય કર્મ થયું, માટે હવે હસ્ત તથા નેત્રો જોઈએ જ નહિ. આમ આવેશમાં આવીને હસ્તને કાપી નાખે, નેત્રોને ફોડી નાખે, તેણે કરીને હૃદયમાં રહેલા વેગો કાંઈ દૂર થઈ જતા નથી, ને તે પુરુષ કાંઈ જીતેન્દ્રિય પણ કહેવાતો નથી. કારણ કે સર્વે ઈન્દ્રિયોનો નાયક મન છે. અર્થાત ઈન્દ્રિયોને પ્રેરણા આપનાર મન છે. અને મનને પ્રેરણા આપનારી બુદ્ધિ છે. બુદ્ધિ જેવો નિશ્ચય કરે છે, એ પ્રમાણે મન, ઈન્દ્રિયોને પ્રવર્તાવે છે. માટે ઈન્દ્રિયોને છેદી નાખવાથી કોઈ અર્થ સિદ્ધ થતો નથી. સાત્ત્વિક વાતાવરણમાં રહીને, અને સાત્ત્વિક કર્મથી જ્યારે બુદ્ધિને સાત્ત્વિક બનાવવામાં આવે ત્યારે જ મન અને ઈન્દ્રિયો ઉપર કાબૂ આવી શકે છે. ત્યારે જ પુરુષ જીતેન્દ્રિય બની શકે છે. એમ છતાં પણ જો ક્યારેક પ્રકૃતિને પરવશ બનીને પોતાથી તથા બીજાથી કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય, તો શાસ્ત્રને અનુસારે યથાશક્તિ પ્રાયશ્ચિત વ્રત કરવું. અથવા બીજા પાસેથી કરાવવું એ યોગ્ય છે. પણ અંગનું છેદન કરી નાખવું એ યોગ્ય નથી, આવું તાત્પર્ય છે.

"પ્રભુએ સર્જ્યા સૌને અખંડાખંડ ;
કરો શાને રાગદ્વેષના ઘમંડ ?
કરો સૌને સપ્રેમ વિનમ્ર વંદન ;
ન કરો છેદન, વિચ્છેદન, ઉચ્છેદન."

અને વળી સ્કંદપુરાણમાં કહેલું છે કે, પરસ્ય ત્રાસ જનની નોચ્ચારણીયા વાગપિ કવચિત્ ઈતિ । બીજાને ત્રાસ ઉત્પન્ન કરનારી વાણી પણ ક્યારેય બોલવી નહિં.

"આજે હું મારા અંગને કાપી નાખીશ, કે જાઓ ! તમે પેલા મારા દુશ્મન મિસ્ટર એ બેશીનું માથું રાપી લાઓ, લ્યો આ એક લાખની 'સોપારી' આપું છું. આવું પોતાના તથા બીજાના અંગને છેદવાનું પણ આપણી વૈખરી વાણીથી બોલવું નહિ. કેમકે કર્મ તો મનસા, વાચા અને કર્મણા એમ ત્રણેય રીતે થાય છે ને ! સંતોને શ્રી સહજાનંદ સ્વામી લિખિત શિત્રાપત્રી સમજાવે છે કે -

"મનન ચિંતન, ભજન-કીર્તન, માત્ર એક શ્રીહરિનું જ કરીએ,
શાને કૂળ, કપટ, હિંસા, માયામાં, મનડાને રક્ત રંજિત કરીએ ?

તેવી જ રીતે કોઈ દુર્જન પુરુષોએ અથવા પોતાના સંબંધીઓએ મર્મ સ્થળ ભેદી નાખે એવું કઠોર વચન કહેલું હોય, અને તેણે કરીને પોતાને ક્રોધ ઉત્પન્ન થાય, અરે ! મને...મને... મારા જેવાને બોલનારાના અંગનું છેદન કરવું નહીં. કારણ કે ક્રોધ છે એ પોતે કરેલા સમગ્ર પુણ્યમાત્રને બાળી નાખનાર છે. માટે ક્રોધને જ નિયમમાં કરી લેવો, પણ કોઈના બોલાયેલા બોલને આપણો રીમોટ કંટ્રોલ બનવા દેવો નહીં.

"માયાવી જગતનો
રીમોટ કંટ્રોલ છે 'શબ્દ' !
ને નિષ્ઠાવાન સત્સંગીનો
મંત્ર છે જય સ્વામિનારાયણ ;
'શબ્દ' છે છન્ન માયાજાળ,
ને શબ્દ જ છે પરમસત્ય,
સાવધાન ! શ્રીહરિના ભક્તો,
ફંટાઓ પ્રભુ તરફ, છોડો માયાવી રસ્તો !"

## "બસ એક તમન્ના છે"

બસ એક તમન્ના છે, શ્રીજી ચરણે જીવન વિતાવવાની, નથી અભિલાષા હૃદયમાં, ધન દોલત મહેલાતોની.
નથી આકાંક્ષા અંતરમાં, ભોગ વિલાસો ભોગવવાની, વળી નથી પરવા મનમાં, ઐશો આરામ કરવાની.
બસ એક તમન્ના છે.

દેજો શક્તિને ભક્તિ, સદા શ્રીજી ચરણે રહેવાની, તડપ એક દિલમાં છે, કંઈ સેવા કાર્ય કરવાની.
નથી નિરાશા કે દુઃખ, જીવનમાં કોઈ પણ વાતે, રહી તુજ ચરણે રટું, શ્રીજી તુજ નામ દિન રાતે.
બસ એક તમન્ના છે.

ભલે આંધી તુફાન આવે, શ્રીજી આપ જ અમારા રક્ષક છો, સંકટ તણા સહાયક બની, રક્ષા આપ જ કરે તે જ ભરોસો છે.
અખૂટ શ્રધ્ધા ભરી દિલમા, આપ સહારે જીવનનૈયા ચલાવું છું, શ્વાસે શ્વાસે સ્મરણ કરી, શ્રીજી તુજ ચરણે જીવન વિતાવું છું.
બસ એક તમન્ના છે.

જિંદગી ટૂંકી બની છે, નથી જીવન તણી આશા, મૃત્યુ છે જ નક્કી તો, મળે પ્રેમથી તેવી છે અભિલાષા.
અંતિમ ઈચ્છાઓ રજૂ કરી, પ્રાર્થું છું પ્રેમથી આપને, રહી શ્રીજી તુજ ચરણે, વંદન કરું શુદ્ધ ભાવથી આપને.
બસ એક તમન્ના છે.

- પ્રો. મહાદેવભાઈ ધોરિયાણી - રાજકોટ

# મૃત્યુની ઘડી

અહેવાલ :- કૃપા પ્રકાશભાઈ ગોર

આ જગતમાં જેનો જન્મ થયો છે તેનું મૃત્યુ તો નિશ્ચિત છે. યમરાજ એ મૃત્યુના દેવ છે. તે આપણે જાણીએ છીએ. તેવો જ એક પ્રસંગ આપણે જોઈએ.

યમરાજ એક વાર વૈકુંઠમાં નારાયણને મળવા ગયા હતા. નારાયણના દરવાજે તેમણે જમણી બાજુએ ગરુડને નિહાળ્યા. ગરુડરાજ નારાયણનું વાહન છે અને તે ખૂબ ઝડપી ગતિએ આકાશમાં ઊડે છે. દરવાજાની ડાબી બાજુએ એક ચકલી બેઠી હતી. યમરાજાએ દરવાજામાં દાખલ થતાં ગરુડનું અભિવાદન કર્યું અને ડાબી બાજુએ ચકલીને બેઠેલી જોઈ. ચકલીને ત્યાં જોઈ તેમને અચંબો થયો.

યમરાજના આવાસમાં ગયા પછી ચકલી થરથર ધ્રૂજવા લાગી. ગરુડે ચકલીને ધ્રૂજવાનું કારણ પૂછ્યું. ચકલીએ કહ્યું યમરાજે તમારું તો અભિવાદન કર્યું, પણ મને અહીં જોઈ તે આશ્ચર્ય પામ્યા. મને લાગે છે કે મારા મૃત્યુનો સમય આવી ગયો છે. તેથી તેમણે આશ્ચર્યથી મારા તરફ જોયું. મને લાગે છે કે તે મને પોતાની સાથે યમલોક લઈ જશે. મૃત્યુના ભયથી હું થરથર ધ્રૂજુ છું.

ગરુડે ચકલીને કહ્યું, તું ગભરાઈશ નહીં. હું તને ઝડપી મારી પીઠપર બેસાડી થોડી જ ક્ષણોમાં રામેશ્વર પાસે ગંધમાર્દન પર્વત પર મૂકી દઈશ. આટલા દૂરથી તને કોઈ નહીં લઈ જઈ શકે.

ગરુડ ચકલીને ગંધમાર્દન પર્વત પર મૂકી આવ્યા અને પછી નારાયણના દરવાજે હાજર થઈ ગયા. થોડીવાર પછી યમરાજ બહાર નીકળ્યા. તેણે જોયું તો ચકલી દેખાતી ન હતી. ગરુડને અભિમાન થયું કે પોતે ચકલીને યમરાજના સકંજામાંથી બચાવી લીધી હતી. તેણે યમરાજને પૂછ્યું, "યમરાજ, આપ શું શોધી રહ્યા છો ?" યમરાજે પૂછ્યું અહીં પેલી ચકલી હતી તે?

ગરુડે જવાબ આપ્યો, ચકલી તો અત્યારે ખૂબ દૂરના સ્થળે સલામત છે તે અત્યારે ગંધમાર્દન પર્વત પર છે. આ સાંભળી યમરાજે કહ્યું કે હું જાણતો હતો કે થોડી જ ક્ષણોમાં એ ચકલીના ભાગ્યમાં ગંધમાર્દન પર્વત પર એક બાજ પક્ષીના હાથે મૃત્યુ લખાયું હતું. મને થતું કે ચકલી ગંધમાર્દન પર્વત પર કેવી રીતે પહોંચશે ?

ગરુડ ભોંઠા પડી ગયા. તે માનતા હતા કે તેમણે ચકલીને બચાવી પણ વાસ્તવમાં તો તે જઈ એને મૃત્યુના મુખમાં મૂકી આવ્યા હતા. મૃત્યુની રીત, સ્થળ અને ક્ષણ બધું નિયત છે. માત્રથી માત્ર ભગવાન જ જાણે છે. અખંડ પ્રભુ સ્મરણની ટેવ પાડો. સ્વામિનારાયણ સ્વામિનારાયણ.

# કરો યોગ રહો નીરોગ

લેખક :- ડો. સ્વામી સત્યપ્રસાદ દાસજી

ભારત સરકારની યોગ વિષે વિશ્વના દેશોને આપવામાં આવેલી પ્રેરણા સ્વીકારીને વિશ્વના ૨૦૦ જેટલા દેશોએ ૨૧મી જૂન વિશ્વયોગ દિવસ મનાવવાનો નિર્ણય કર્યો છે તે ન કેવળ ભારતીય લોકો માટે પરંતુ વિશ્વના તમામ લોકો માટે લાભદાયક છે.

ભારતીય બાર દર્શનમાં યોગ દર્શનનું એક વિશિષ્ટ સ્થાન છે. અન્ય દર્શનો મન અને આત્માના વિકાસ માટે ઉપયોગી છે પરન્તુ યોગ શરીર, મન અને આત્માના વિકાસ માટે વિશેષ ઉપયોગી છે.

યોગ શબ્દનો અર્થ છે 'જોડાવું' મન-કર્મ અને વચનથી પરમાત્મા સાથે જોડાવું. શરીર રોગી હશે, મન નબળું હશે અને આત્મા પણ નબળો હશે તો પરમાત્મા સાથે જોડાઇ નહીં શકે, તેથી શરીર-મન અને આત્માને બળવાન, નિરોગી બનાવવા માટે યોગભ્યાસ કરવો જીવનમાં અતિ જરુરી છે. હજારો વર્ષોથી આપણા ભારતીય ઋષિ-મુનિઓ યોગાભ્યાસ કરતા આવ્યા છે અને આજે પણ આ યોગાભ્યાસ તે તે સ્થાનોમાં ચાલ્યો આવે છે. પરંતુ ગૌરવની વાત એ છે કે આજે પૂરા વિશ્વમાં તેનો અભ્યાસ થવા લાગ્યો છે અને તેનું મહત્ત્વ પણ બધાને સમજાયું છે. અને તેથી પણ વિશેષ ગૌરવની વાત એ છે કે આજે ભારત સરકારે યોગને વિશેષ મહત્વ આપીને પૂરા વિશ્વમાં ભારતીય વેદ વિદ્યા એવી જે યોગવિદ્યાના માધ્યામથી ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધાર્યું છે અને તેનો લાભ સૌને અપાવ્યો છે. યોગાભ્યાસથી માત્ર શરીરને લાભ થાય છે એવું નથી પરંતુ માનસિક અને આધ્યાત્મિક પણ અતિ લાભ થાય છે. તેથી જ આપણા આધ્યાત્મિક ધર્મના આચાર્યોએ પણ એમના દૈનિક જીવનમાં યોગાભ્યાસ કરતા હતા.

ભગવાન શ્રીસ્વામિનારાયણ જ્યારે વનવિચરણમાં હતા ત્યારે હિમાલયમાં ગોપાલયોગીના આશ્રમમાં એક વર્ષ રહીને અષ્ટાંગ યોગનો અતિ ખંતથી ગોપાલયોગી પાસે આશ્રમમાં રહીને અભ્યાસ કર્યો હતો. સાત વર્ષના વન વિચરણમાં શ્રીહરિએ એક વર્ષ તો માત્ર યોગાભ્યાસમાં વિતાવ્યું હતુ. તે શું દર્શાવે છે ? નીલકંઠવર્ણી નિત્ય રાત્રીએ સૂતાં પહેલાં 'ગોરખ આસન' કરીને સૂતા, તેવી જ રીતે પ્રાતઃ નિત્ય યોગાભ્યાસ કરતા આ બધું આપણા ઈષ્ટદેવ શ્રીહરિ જીવનમાં નિત્ય કરતા આ આપણને શું સમજાવે છે ? ભગવાન શ્રીહરિના જીવનમાં યોગનું કેટલું વિશેષ મહત્ત્વ હતું એ આપોઆપ સિદ્ધ થાય છે. ત્યાર પછી નીલકંઠવર્ણી જ્યારે લોજમાં શ્રીરામાનંદ સ્વામીના આશ્રમમાં શ્રીમુક્તાનંદ આદિ પચાસ સંતોની સાથે રોકાયા ત્યારે વર્ણી નિત્ય યોગાભ્યાસ કરતા અને સૌ સંતોને પણ યોગાભ્યાસ શિખવતા અને કહેતા કે સંતોને તો ખાસ કરીને યોગાભ્યાસ કરવો જોઈએ તો મન-કર્મ વચનથી અને આત્મા તેમજ પરમાત્મા સાથે સરળતાથી જોડાઇ શકાય છે. તેથી ભગવાન શ્રીસ્વામિનારાયણે સંતોમાં યોગસાધનાની પરંપરા સ્વયં ચલાવી છે. એટલું જ નહીં પરંતુ આપણા નંદ સંતોમાં શ્રીગોપાળાનંદ સ્વામી આદિ અનેક સંતો સંપ્રદાયમાં યોગી કહેવાયા, કારણ કે તે સંતોએ જીવન ભર યોગાભ્યાસ - યોગસાધનાઓ કરી હતી. આ વિદ્યા માત્ર કોઈ લૌકિક વિદ્યા નથી, આ તો વેદવિદ્યા છે. તેનો સંબંધ સાક્ષાત્ પરમાત્મા સાથે છે. જગતમાં અન્ય મનુષ્યો તો યોગાભ્યાસ કરે છે પરંતુ ખાસ કરીને સૌ સંતો-હરિભક્તો તેમજ તમામ ધર્મપ્રેમી હરિભક્તોને વિશેષ કરીને યોગાભ્યાસ કરવો જોઈએ કારણ કે એક તો - આપણા ઈષ્ટદેવની આજ્ઞા છે. બીજું - આ વેદ વિદ્યા છે. ત્રીજું- શરીર અને મનને નિરોગી રાખે છે. ચોથું - આ વિદ્યાનો સિધો પરમાત્મા સાથે સંબંધ છે. પાંચમું - સાંસારિક અથવા આધ્યાત્મિક કાર્યમાં તલ્લીનતા કરાવે છે. છઠ્ઠું - ઋષિ-મુનિઓ પ્રવર્તાવેલ ભારતીય સંસ્કૃતિની પરંપરા છે જેને જાળવી રાખીને આગળ વધારવી એ આપણી ધાર્મિક અને નૈતિક જવાબદારી છે. આવા અનેક કારણોસર આપણે અવશ્ય યોગાભ્યાસ નિત્ય કરવો જોઈએ.

તો ચાલો આપણે તે યોગ વિષે થોડું પ્રારંભિક અને વિશેષ જ્ઞાન મેળવીએ.

(૧) યોગ એ પરમાત્મા સાથે સંબંધ સ્થાપવાનો ઉપાય છે. (૨) યોગથી ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે (૩)

શરીરનો સપ્રમાણ વિકાસ થાય છે. (૪) યોગ એક બાહ્ય અને આંતરિક વ્યાયામ પ્રક્રિયા છે જેનાથી ગંભીર રોગો થતા નથી અને થયેલાને દૂર કરે છે. (૫) પતંજલિ યોગસૂત્ર મુજબ તમામ ખરાબ વૃત્તિઓ દૂર કરી સાત્ત્વિક વૃત્તિઓથી પોતાના આત્માને પરમાત્મા સુધી લઈ જવાની શારીરિક-માનસિક-આધ્યાત્મિક પ્રવૃત્તિને યોગ કહેવામાં આવે છે. તેથી આ વિદ્યા વિશ્વમાં નિર્વિવાદિત છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે સ્વયં યોગાભ્યાસ કરીને ભક્તોને શિખવ્યો. ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં યોગની વિશેષ પણે તાત્ત્વિક છણાવટ કરી. સરલ ભાષામાં અર્જુનને યોગની શિખ આપી છે.

યોગાભ્યાસ કરવાનો પહેલો પાઠ.

(૧) વહેલી સવારે બ્રહ્મમુહૂર્તમાં જાગી શૌચપ્રક્રિયા, સ્નાનાદિ વિધિ કરી સ્વચ્છ અને હલકું વસ્ત્ર જે ઉઠવા-બેસવામા સરલતા રહે તેવું પરિધાન કરવું. શુદ્ધ પવિત્ર અને અતિ પોચું કે કઠોર ન હોય અતિ ઊંચું કે નીચું ન હોય તેવું સ્થિર એક આસન પસંદ કરી એક પછી એક ઊભા રહીને કરવામાં આવતાં આસન પહેલાં કરવાં પછી બેસીને કરવામાં આવતાં આસનો કરવાં અને પછી સૂતાં સૂતાં કરવામાં આવતાં આસનો કરવાં. ત્યાર પછી આંખ બંધ કરીને અથવા દષ્ટિ નાશાગ્ર ભાગમાં રાખીને પોતાના ઈષ્ટદેવનું ધ્યાન કરીને શાંત ચિત્તે બેસીને પ્રાણાયામનો ક્રમશઃ અભ્યાસ કરવો.

બીજો પાઠ

(૨) રોજ નક્કી કરેલા સમયે જ યોગાભ્યાસ કરવામાં આવે તે વધારે ઉત્તમ છે. બહુ વધારે કે ઓછું જમવું નહીં. આઠ કલાકથી વધારે અને છ કલાકથી ઓછું ઊંઘવું નહીં. સવારે પ્રાતઃકાળનો સમય ઉત્તમ છે. ખુલ્લું મેદાન. નદી-તળાવ કે બાગ-બગીચાની જગ્યા તેમજ એકાન્ત અને શાન્ત વાતાવરણમાં યોગાભ્યાસ કરવો અતિ ઉત્તમ છે.

ત્રીજો પાઠ.

(૩) ઈન્દ્રિયોની ભૌતિક ક્રિયાને નિયમિત રાખવી. આત્મબળ રાખવું. મનમાં ઉત્સાહ રાખવો. સકારાત્મક વિચારો રાખવા. યોગાભ્યાસ સમયે વ્યાવહારીક વિચારો ન કરવા. સમબૃદ્ધિ અને સમદર્શન રાખીને મનને સુખ-દુઃખથી દ્વન્દ્વાતીત બનાવવું. દરેક કામનાઓથી રહિત થઈને યોગાભ્યાસ કરવો ઉત્તમ છે.

ચોથો પાઠ...

(૪) ઉભા રહીને, બેસીને તથા સુઈને કરવામાં આવતાં આસનો સ્વભાવિક રીતે કરવાં. કોઈ પણ આસન કરતી વખતે અતિ બળ વાપરવું નહી- અર્થાત્ બળપૂર્વક શરીરના અંગોને મોળવાં નહી. સ્વભાવિક રીતે અંગોને મોળીને ધીરે ધીરે અભ્યાસ કરવો.

પ્રાણાયામ કરતી વખતે, પલાંઠીમાં પદ્માસન તથા સુખાસનમાં બેસવું. બન્ને હાથ ઢીંચણ ઉપર રાખી અંગુઠા સાથે તર્જની આંગળી જોડી રાખવી. શ્વાસો-ઉચ્છ્વાસ જમણી-ડાબી નાસિકા દ્વારા લેવી અને છોડવી. આ પ્રક્રિયા પણ સ્વભાવિક રીતે કરવી અને એક લયમાં જ કરવી.

આ બધી યોગપ્રક્રિયા આઠ ભાગમાં છે તેને શાસ્ત્રોમાં અષ્ટાંગ યોગ કહે છે. હવે આપણે અષ્ટાંગ યોગ વિશે માહિતી જોઈએ.

અષ્ટાંગ યોગ

આસન થી લઈને સમાધિ સુધીમાં આઠ અભ્યાસ કરવાનો હોય છે. અનેક યોગીઓ આ આઠ અભ્યાસ સુધી પહોંચી ગયા છે તો કેટલાક યોગાભ્યાસુ ચાર - પાંચ કે છ અથવા સાત અંગ સુધી પહોંચ્યા હોય પરન્તુ પૂર્ણ યોગી એ છે કે જેને આઠે અંગો સિદ્ધ કર્યા હોય.

ભગવાન શ્રીસ્વામિનારાયણ તથા સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી આદિ કેટલાક સંતો અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો હતો. અને દિવસો સુધી આઠમું અંગ જે સમાધિ તેમાં રહિને પરમાત્માની સાથે બ્રહ્માનંદનો અનુભવ કરતા હતા.

આપણા પ્રાચીન ઋષિ-મુનિઓ ઋષિ પતંજલિ, વેદવ્યાસ, વાલ્મીકિ, સૌનક, વશિષ્ટ, નારદ, પરાશર, અંગિરા, ભૃગુ, શુકદેવજી, દુર્વાશા આદિક અનેક યોગ દ્વારા અપાર લૌકિક તેમજ આત્મિક શક્તિઓ મેળવી હતી. અર્વાચીન સમયની વાત કરીએ તો સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી આદિ અનેક ખ્યાતનામ સંતોએ પણ યોગ દ્વારા મનોબળ-આત્મબળ પ્રાપ્ત કર્યું છે અને તેના દ્વારા આજે પૂરા વિશ્વમાં ભારતીય વેદ વિદ્યા અને સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કરવામાં તેમનો મોટો યોગફાળો છે. (વધુ આવતા અંકે)

# ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજિત
# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્
# નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

**સં.૨૦૭૨ ફાગણ વદ અમાસ તા. ૭-૪-૧૬ ગુરુવારથી ચૈત્ર સુદ ૭ તા. ૧૩-૪-૧૬ બુધવાર**

**નારાયણ યજ્ઞ ચૈત્ર સુદ ૮ તા. ૧૪-૪-૧૬ ગુરુવાર**

*ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે -આગામી તા. ૭-૪-૧૬ થી તા. ૧૩-૪-૧૬ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી હરિભકત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.*

**એક પોથીના રૂા. ૨૧,૦૦૦/-**
**પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે**
**૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે**

**વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

**૧ પોથીના યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦ પાસ આપવામાં આવશે.**
**સંહીતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહી હોય**
**તેમાં ૨૧ પ્રખર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે**

**જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો ફોટો તથા સુખડનો હાર લાવી શકાશે,**
**સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.**

---

**:: કથા સ્થળ ::**

## શ્રી સ્વામિનારાયણ મંદિર

*શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ, ભુજ-કચ્છ. ફોન નં. ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧.*

# અંગ્રેજી અને ગુજરાતીમાં
# ભુજ મંદિર દ્વારા નવું સાહિત્ય પ્રકાશન

---

## સંપ્રદાયનું ગૌરવ સમાન ભુજ મંદિર દ્વારા શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રનું અંગ્રેજી તેમજ ગુજરાતીમાં સંપૂર્ણ પાંચ પ્રકરણ સાથે પ્રકાશન કરવામાં આવ્યું છે.

વિદ્વત્વર્ય શ્રીશતાનંદ મુનિ કૃત શ્રીમદ્ સત્સંગિજીવન પાંચ પ્રકરણ સાથે સંપૂર્ણ શાસ્ત્રનું ઉદ્ધવ સંપ્રદાયમાં સૌ પ્રથમવાર અતિ પ્રમાણભૂત અને સંપ્રદાયનું શિરમોળ શાસ્ત્ર શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રન્થનું સંસ્કૃત સાથે અંગ્રેજીભાષામાં અનુવાદ સાથે ભુજ મંદિર દ્વારા પ્રકાશન કરવામાં આવ્યું છે.

---

## સંસ્કૃત સાથે ગુજરાતીમાં ૨૦૧૦માં શ્રીનરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવના ઉપલક્ષ્યમાં પ્રકાશિત કરવામાં આવ્યું હતુ.

---

શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી ભુજ મંદિરના મહંત પ.પૂ. સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના શુભાશીર્વાદથી ભુજ મંદિરના વિદ્વાન સંતો અને શ્રીવૈષ્ણવ સંપ્રદાયના પંડિતો દ્વારા સાક્ષાત્ સંસ્કૃતમાંથી અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવ્યો છે.

---

## અવશ્ય ઘરમાં વસાવો

દેશ -વિદેશમાં વસતા અંગ્રેજીભાષાજ્ઞ સત્સંગિઓએ અવશ્ય ઘરમાં વસાવવા જેવાં આ પવિત્ર ગ્રંથો છે.

નોધ : - શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં જે આઠ સત્શાસ્ત્રોને સંપ્રદાયમાં અતિ પ્રમાણભૂત માન્ય ગણ્યાં છે તે શાસ્ત્રોનો અંગ્રેજી તેમજ ગુજરાતીમાં અનુવાદ સાથે પ્રકાશન કરવાનો શુભ સંકલ્પ ભુજ મંદિરે કર્યો છે, તે અંતર્ગત આજ સુધી શ્રીવાસુદેવ મહાત્મ્યમ્. શ્રીવિષ્ણુસહસ્રનામ સ્તોત્રમ્, શ્રીગોપાળાનંદ સ્વામીકૃત ભાષ્ય સાથે શ્રીમદ્ભગવદ્ગીતા શાસ્ત્રનું પ્રકાશન થઇ ચૂક્યું છે બાકીનાં શાસ્ત્રોનું ભુજ મંદિર વહેલીતકે પ્રકાશન કરવા જઈ રહ્યું છે.

:: પ્રાપ્તિ સ્થાન ::

ભુજ,માંડવી, અંજાર,વડતાલ વગેરે મંદિરો, ગુરુકુળો તેમજ દેશ વિદેશના મંદિરોમાં ઉપલબ્ધ થશે.

**- પ્રકાશન વિભાગ**

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## પાવન પુરુષોત્તમ માસમાં શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે શ્રીમદ્ નિષ્કુળાનંદ કાવ્ય ત્રિદિનાત્મક જ્ઞાનયજ્ઞ યોજાયો

ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની આજ્ઞા તથા આશીર્વાદથી નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ મધ્યે હાલમાં ચાલી રહેલા પવિત્ર પુરુષોત્તમ (અધિક) માસમાં આગામી તા. ૧૯-૬-૨૦૧૫, શુક્રવારથી તા. ૨૧-૬-૨૦૧૫, રવિવાર સુધી શ્રીમદ્ નિષ્કુળાનંદ કાવ્ય ત્રિદિનાત્મક જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

કથા પારાયણના યજમાનપદે પોતાના અ.નિ. પિતાશ્રી માવજીભાઈ અરજણ ભુડીયા, અ.નિ. માતુશ્રી કેશરબાઈ, અ.નિ. સુપુત્ર રામજીભાઈ રવજી ભુડીયા, અ.નિ મોટાભાઈ લાલજીભાઈ, અ.નિ. ભાભી કેશરબાઈ, અ.નિ. મોટાભાઈ બેચરભાઈ તથા અ.નિ. પ્રેમજીભાઈ, અ.નિ. સસરા માવજીભાઈ હરજી હિરાણી તથા અ.નિ સાસુમા ભાણબાઈ આદિ કુટુંબીજનોની પુણ્યસ્મૃતિમાં ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના મુખ્ય કોઠારી ગામ માધાપરના પ.ભ. રવજીભાઈ માવજીભાઈ ભુડીયા, ધ.પ. વેલબાઈ રવજી આદિ પરિવારજનો રહ્યા હતા.

મંદિરના શ્રીનરનારાયણદેવ સભામંડપમાં યોજાનાર આ કથા પારાયણના વક્તાપદે શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા શા. સ્વામી અક્ષરમુનિદાસજી વ્યાસપીઠ પર બિરાજી સવાર તથા બપોર બન્ને સમય સુમધુર સંગીતના સથવારે કથામૃતનું રસપાન કરાવ્યું.

મહોત્સવ દરમ્યાન તા. ૧૯-૬-૧૫ના સવારે ૮:૦૦ કલાકે પોથીયાત્રા તથા દીપપ્રાગટ્ય, તા. ૨૦-૬૧૫ના રાત્રે ૮:૩૦ કલાકે ઓરકેસ્ટ્રા સાથે ભવ્ય રાસોત્સવ અને તા. ૨૧-૬-૧૫ના સવારે ૬ થી ૭ અભિષેક દર્શન તથા ૯:૦૦ કલાકે અન્નકૂટ દર્શન આદિ પ્રસંગોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

આ પાવન પ્રસંગે મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસદજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગતએ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કથા પારાયણના યજમાન અને મંદિર હાલના મુખ્ય કોઠારી માધાપરના રવજીભાઈ માવજી ભુડીયા છેલ્લા ૨૩ વર્ષથી મંદિરના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે અને છેલ્લા ૫ વર્ષથી મુખ્ય કોઠારી તરીકે સેવા આપી રહ્યા છે. તેઓશ્રીનું મંદિર તરફથી ચાંદીનો મોમેન્ટો, શ્રીનરનારાયણદેવની મૂર્તિ અર્પણ કરી શાલ ઓઢાળીને ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. કથા પારાયણ પ્રસંગે લંડનથી ખાસ પધારેલા યજમાનશ્રીના જમાઈ પ.ભ. જાદવજી નાનજી હાલાઈનું પણ સંતોના હસ્તે સન્માન કરવામાં આવ્યું. પ.ભ. રવજીભાઈના ધ.પ. વેલબાઈ, પુત્રવધુ કાન્તાબેન, પૌત્રવધુ ગીતાબેન, શીતલબેન આદિને મહંત સાં.યો. શામબાઈ ફઈના હસ્તે સન્માનિત કરાયા હતા. યજમાન પરિવાર તરફથી મંદિરના ટ્રસ્ટીમંડળના સદસ્યો તથા શ્રી સ્વામિનારાયણ મંદિર, માધાપરના અગ્રગણીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર આયોજન ભુજ મંદિરના સંતો કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું. સભાસંચાલન સ્વામી ઉત્તમચરણદાસજીએ કર્યું હતું.

અહેવાલ :- કોઠારીશ્રી

---

## માનવસેવાનું સુવર્ણ પૃષ્ઠ એટલે શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ

ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાને સ્વયં સેવકરામની સેવા કરીને દર્દીઓની સેવા કરવાનો સંદેશ આપી 'માનવસેવા એજ પ્રભુસેવા'ને સમર્થન આપ્યું છે. શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા રોગીઓની સારવાર અર્થે સહાય અને સહકાર અપાય છે એ કોઈ નવી વાત નથી. ભુજ મંદિરની આ જૂની પરંપરા એ પ્રણાલી છે. શ્રીસ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટની રચના થતાં આ પ્રવૃત્તિ વેગવાન બની અને આયોજન બધ્ધ કાર્યવાહી હાથ ધરાઈ. નૂતન મંદિર મહોત્સવ નિમિત્તે યોજાયેલા આઠ-આઠ મેડીકલ કેમ્પરૂપી દિવેલ પૂરાવાથી માનવસેવાની આ જ્યોત વધુ પ્રજ્જવલિત થઈ અને તેના પ્રકાશે સમગ્ર કચ્છનો ખૂણો ખૂણો પ્રકાશિત કર્યો. તાજેતરમાં શ્રીનરનારાયણદેવના ૧૯૨મા પાટોત્સવ નિમિત્તે યોજાયેલા મેડીકલ કેમ્પનો ૭૦૧૮ દર્દીઓએ લાભ લીધો. તેમાં ૫૭૭ કુલ મોટી સર્જરી કરવાની છે. તે પૈકી ૨૫૦ ઓપરેશન (સર્જરી) પૂર્ણ થયેલ છે. જેમાં ૩૯ દર્દીઓને સીમ્સ અમદાવાદ, ૨૩ દર્દીઓને સ્ટર્લીંગ અમદાવાદ અને અમુક દર્દીઓને ભુજના ખાનગી નિષ્ણાત તબીબો દ્વારા અને લેવા પટેલ હોસ્પિટલમાં સર્જરી કરી સેવા કાર્ય કરાયું છે. ૨૬ જેટલા વાલ્વના બાળ દર્દીઓ પૈકી ગરીબ અને જરૂરિયાત મંદને નિઃશુલ્ક સારવાર અને સર્જરી કરાય છે. આ રીતે સર્જરીનું કાર્ય પ્રગતિમાં છે. સર્જરી પાછળ લગભગ ૭૯.૬૬ લાખનો ખર્ચ થઈ ચૂક્યો છે અને હજુ ૯૨.૫૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

ભુજ લેવા પટેલમાં સર્જરી પછી સારવાર લઈ રહેલા દર્દીઓની પૃચ્છા કરવા ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી સાથે મંદિરના વડીલ સંતો અને સાં.યો. મહંત શામબાઈ ફઈ સાથે સાં.યો. બહેનોએ હોસ્પિટલની મુલાકાત લઈ દર્દીઓના ખબર અંતર પૂછ્યા હતા અને ઝડપથી સ્વસ્થ થઈ જાય તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. મેડીકલ કેમ્પનો લાભ લેનાર દર્દીઓના પ્રતિભાવની એક ઝલક પ્રસ્તુત છે.

---

મારો લિગામેન્ટનો ઓપરેશન શ્રી નરનારાયણદેવ કેમ્પના માધ્યમ દ્વારા ઓપરેશન બહુ સારી અને સુંદર રીતે તથા તજજ્ઞ ડોક્ટરોની ટીમ દ્વારા સફળતા પૂર્વક પાર પાડેલ. હું પ્રાઈવેટ રીતે આ ઓપરેશનમાં ખર્ચો ઉઠાવી શકુ એમ હતો નહીં. આપના કેમ્પના માધ્યમથી આ ઓપરેશન હું કરાવી શક્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણ આપના આવા સદ્કાર્યો કરવાની પ્રેરણા આપતા રહે અને આપ સદા ગરીબ માણસોની સેવા કરતા રહો એવી ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે પ્રાર્થના. વિશેષ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશીર્વાદ આપ ઉપર સદા વર્ષતા રહે અને આવા કાર્યો કરતા રહો એવી શુભેચ્છા. તમારો જેટલો પણ આભાર માનીએ એટલો ઓછો પડે.

આભાર,

- ગઢવી મેઘરાજભાઈ મંગલભાઈ, ભુજ

---

સવિનય જણાવાનું કે શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ તથા લેવા પટેલ હોસ્પિટલવા સહયોગ દ્વારા જે કેમ્પ યોજવામાં આવેલ તેમાં મારા બાળકને ફ્રીમાં સારવાર તથા ઓપરેશન (સર્જરી) કરી આપવામાં આવેલ તે બદલ હું આપ સર્વેનો આભારી છું. તથા ડો. પ્રભાવભાઈ અંતાણી સાહેબ જે માર્ગદર્શન તથા મદદરૂપ થયેલ છે તેમનો હું વિશેષ આભાર માનું છું. અને તેમને જરૂર લાગતા મારા બાળકને જલદીથી વહેલાસર સારવાર કરી આપી જેથી તેની શાળાએ જવાનું બગડે નહીં. તેથી તેમનો તથા લેવા પટેલ હોસ્પિટલ તથા શ્રીસ્વામિનારાયણ મંદિર, ટ્રસ્ટીઓ, દાતાઓ એમ સર્વેનો હું આભારી છું

બસ એજ અને પ્રકાશ ગેલાણી સાહેબનો સવિશેષ આભારી છું.

- પાર્થ ધનંજય સોલંકી, માધાપર

---

સહર્ષ જણાવાનું કે, મારી પુત્રી ક્રિષા અદેપાલનું હૃદયમાં કાણું પડેલ તેની તપાસ માટે શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ આયોજિત, શ્રીનરનારાયણદેવના ૧૯૨માં વાર્ષિક પાટોત્સવ નિમિત્તે શ્રીસ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત,

શ્રીનરનારાયણદેવ મેડીકલ કેમ્પ-૨૦૧૫ કેમ્પમાં ભાગ લીધેલ અને તે અંતર્ગત ઓપરેશન માટે જણાવેલ અને આપના સહયોગથી સીમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં મારી પુત્રી ક્રિષાનું તા. ૧૪-૫-૧૫નાં ઓપરેશન કરાવેલ. જે સફળતાપૂર્વક થઈ ગયેલ છે. મારી પુત્રીને તંદુરસ્ત જીવન પ્રદાન કરવા બદલ શ્રીનરનારાયણદેવ મેડીકલ કેમ્પ-૨૦૧૫નાં સહયોગમાં શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા લેવા પટેલ હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર, ભુજ-કચ્છનાં તમામ વ્યવસ્થાપક તેમજ કેમ્પમાં સેવા કરતાં તમામ સેવાભાવીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું. તેમજ આપનાં આ સદાવ્રતને બિરદાવું છું.

આપશ્રીનાં 'રોગમુક્ત કચ્છ અભિયાન'ને ખૂબ સફળતા મળે તેવી ભગવાન શ્રીસ્વામિનારાયણને પ્રાર્થના કરું છું. તેમજ સંતોશ્રીના આશીર્વાદ તથા તમામ હરિભક્તોનો સહયોગ અમને મળવા બદલ આભાર લાગણી વ્યક્ત કરું છું.

- અદેપાલ ગણપત આર., માધાપર

---

સહી આવતા કોઈ પૂછે છે કે "કેમ્પમાં કેવું લાગ્યું તમને" હવે એમને શું જણાવું કે મળી જાણે ઈશ્વરની સહાય.

આ કેમ્પમાં શરૂઆતમાં થતું હતું કે, બધા કેમ્પની જેમ જ કેમ્પ હશે કે કેમ પરંતુ આ કેમ્પ માટે કહેવા મારી પાસે શબ્દો ઓછા પડે છે. જાણે ઈશ્વરરૂપી કોઈનો હાથ અમારી ઉપર ફર્યા કરે છે. આ કેમ્પમાં બધી જ વ્યવસ્થા સારી અને સરળ અને વ્યવસ્થિત હતી. ખૂબજ જાણીને આનંદ થયું કે આવા વ્યક્તિઓ કે આ મંદિર રૂપી લોકો માટે આટલી આતુરતાથી સહાય કરવા કે સેવા કરવા માટે ખડે પગે ઊભા છે.

કેમ્પમાં સાડા બાર વાગ્યે બંધ કરવાનું હતું જ્યારે માણસોને જોઈ દર્દીઓને જોઈને તેમણે બધાએ ભેગા મળી અને કેમ્પનો સમય લંબાવી નાંખ્યો. તેમજ દર્દી માટે જમવાની સુવિધા પણ આપવામાં આવી. દર્દીઓને તડકો ન લાગે, ગરમી ન લાગે તે માટે મંડપ પંખાની સુવિધા તેમજ બધાજ સેવામાં મંડ્યા પડ્યા હતા. કોઈ એમ નહી કે પોતાના કામથી પાછી હઠ કરે છે. બધા પોતાનું કામ દિલથી કરી રહ્યા હતા. તેમજ તેમની દર્દી માટે ફ્રીમાં ઓપરેશન કરી આપવાનું એ તો સૌથી સારું છે. બિચારા ગરીબ લોકોને આટલી બધી સહાય જમાનામાં કોણ કરે છે.

અહીં આવ્યા પછી લાગી રહ્યું છે કે આ જગતમાં આવા પણ મહાન વ્યક્તિઓ છે જે લોકોની સેવા કરવા માટે તત્પર રહે છે. આ જમાનામા તો સગો ભાઈ પોતાના સગાઓનો નથી થાતો જ્યારે અહીંયા તો જે પરાયા છે તે પણ પોતાના સગાથી પણ વધારે વહાલ કરે છે.

કેમ્પમાં જેવું જણાવ્યું હતું બધું જ એવી જ રીતે પતી ગયું, અહિંયા હોસ્પિટલમાં પણ બધી જ સારી સગવડ મળી તેમજ આવી સુવિધા જાણે બીજે ક્યાય નહીં મળતી હોય.

અંતે બસ એટલું કે આવા સેવાભાવી લોકોને ભગવાન સુખી રાખે તેમજ આવા સારા બીજા કેમ્પ પણ કરે અને બીજા ઘણા એવા ગરીબ લોકોને જીવનદાન મળે એળી પ્રભુ શ્રીસ્વામિનારાયણના ચરણોમાં દિલથી પ્રાર્થના કરું છું.

જયશ્રી સ્વામિનારાયણ!

- મેરીયા જેન્તીલાલ રામજી

અહેવાલ :- ભરતભાઈ મહેતા

---

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે પાવન પુરુષોત્તમ માસ(અધિક માસ) દરમ્યાન દરરોજ વિવિધ ઉત્સવો ઉજવાશે

આગામી તા. ૧૭-૬ થી પવિત્ર પુરુષોત્તમ માસ (અધિક અષાઢ) નો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર (શ્રીનરનારાયણદેવ)ના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની આજ્ઞા તથા આશીર્વાદથી નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે આ સમગ્ર અધિક માસ દરમ્યાન એટલે કે તા. ૧૭-૬ થી ૧૬-૭ સુધી દરરોજ આપણી હિન્દુ સંસ્કૃતિમાં વર્ષ દરમ્યાન આવતા તમામ ઉત્સવો જેવા કે

તુલસી વિવાહ, મહાશિવરાત્રી, રામનવમી, શ્રી સ્વામિનારાયણ જયંતી, શ્રી નરસિંહ જંયતી, રથયાત્રા, જલજીલણી, જન્માષ્ટમી, દિવાળી-અન્નકૂટ, મહાઅભિષેક વગેરે ઉત્સવોની ઉજવણી કરવામાં આવશે.

સનાતન ધર્મમાં વિશેષ મહાત્મય ધરાવતા આ પાવન માસ દરમ્યાન યોજાનાર વિવિધ ઉત્સવોના દર્શનનો લાભ લેવા સૌ સત્સંગી હરિભક્તોને મંદિર દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

સમગ્ર મહિના દરમ્યાન ઉજવણી થનાર કોઈ પણ ઉત્સવના યજમાન થવા માટે તથા ઉત્સવની આરતી ઉતારવાનો લાભ લેવા માટેની નોંધ મંદિરના કોઠારમાં કરવામાં આવે છે.

અહેવાલ :- કોઠારી સ્વામી

---

## ભુજ મંદિરની સ્થાનિક વિવિધ સેવામાં નવનિર્વાચિત સંતો

**ચાંદીનો હિંડોળો** : સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી નરનારાયણસ્વરૂપદાસજી, શા. સ્વામી ઉત્તમચરણદાસજી, પુ. સ્વામી ધર્મજીવનદાસજી

શ્રી નરનારાયણદેવ સભામંડપમાં હિંડોળા :- પુ. સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી શ્રીવલ્લભદાસજી, સ્વામી બળદેવપ્રસાદદાસજી, સ્વામી ઘનશ્યામચરણદાસજી

**સોનાનો હિંડોળો** : સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી, પુ. સ્વામી શ્રીજીપ્રકાશદાસજી

**લાઈટવાળા સંતો** : તબલાવાદક સ્વામી નિલકંઠસ્વરૂપદાસજી, સ્વામી શ્રીવલ્લભદાસજી, સ્વામી નરનારાયણસ્વરૂપદાસજી

**પાણીની વ્યવસ્થા** : સ્વામી શ્રીવલ્લભદાસજી

**ગાય ચારાની વ્યવસ્થા** : સ્વામી જગજીવનદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી

**એક માસ માટે અધિક માસની સેવામાં સંતો** : સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, લાઈટવાળા સ્વામી નીલકંઠસ્વરૂપદાજી

---

## જેઠ સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ. કાનજીભાઈ મુળજી વેકરીયા, અ.નિ. રામબાઈ કાનજી તથા અ.નિ. ધનબાઈ મુળજી હ. સા.યો. નાનબાઈ બધા દેવના શિખર પરના યજમાન - કેરા
- પ.ભ. દેવશીભાઈ લાલજી ભુડીયા, ધ.પ. કુંવરબેન દેવશી ભુડીયા સહપરિવાર બધા દેવના શિખર પરના યજમાન - ફોટડી
- પ.ભ. પ્રવિણભાઈ અરજણ હાલાઈ ધ.પ. દીના પ્રવિણ હ. નારણ નાથા ગોરસીયા બધા દેવના શિખર પરના યજમાન - સુરજપર હાલે નૈરોબી
- સાં.યો. સવિતાબાઈ ધનજી ભુડીયાની પ્રેરણાથી કેશરબાઈ લાલજી વાઘજીયાણી - મદનપુર
- પ.ભ. ઉર્મિલાબેન ઉમેદલાલ ઠક્કર હ. વરુણ શૈલેષભાઈ ઠક્કર - ભુજ
- પ.ભ. દેવુબેન કરસન હાલાઈ હ. કલ્પેશ, હિતેશ તથા જીજ્ઞા - સુખપર
- પ.ભ. મુકેશભાઈ મનજી કરસન પાંચાણી - માનકુવા
- પ.ભ. ઉત્પલભાઈ રવજી હિરાણી - માનકુવા
- પ.ભ. ધનબાઈ પ્રેમજી કલ્યાણ વેકરીયા - નારણપર
- પ.ભ. ધનબાઈ નારણ કેશરા હિરાણી - સામત્રા
- પ.ભ. નવીનભાઈ લાલજી વેકરીયા - કેરા
- સાં.યો. મંજુબાઈ કુંવરજી વેકરીયા - સુખપર
- પ.ભ. જયેશકુમાર જેન્તીલાલ સોની - નરોડા અમદાવાદ
- પ.ભ. કાનજીભાઈ પ્રેમજી આસાણી - માંડવી
- પ.ભ. ભુડીયા ધીરજ લાલજીભાઈ - ફોટડી
- પ.ભ. નવીનભાઈ દામજીભાઈ નાકરાણી - આમારા હાલે મહેસાણા
- પ.ભ. ધનજીભાઈ મનજીભાઈ હીરાણી પુત્ર પ્રવીણ ધનજી, હ. મહંત સાં.યો. શામબાઈ - મીરજાપર
- પ.ભ. હર્ષિતભાઈ નિરવભાઈ ગોહિલ હ. નિરવભાઈ - ભુજ

- પ.ભ. જીતેન્દ્રભાઈ ધનજી ભુડીયા - સુરજપર
- પ.ભ. શામબાઈ કુંવરજીભાઈ હીરાણી - નાગલપુર અંજાર
- પ.ભ. શામજીભાઈ હરિભાઈ વાવીયા હ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી - આધોઈ
- પ.ભ. નીતિનભાઈ કાન્તિલાલ રાબડીયા - નૈરોબી
- પ.ભ. ધ્વનિશભાઈ વેલજી વેકરીયા - શીરવા
- પ.ભ. પુરબાઈ પ્રેમજી ધનજી વેકરીયા - નારણપર
- પ.ભ. ભીમજીભાઈ ધનજી ખીમાણી - દહીંસરા
- પ.ભ. વિવેકભાઈ જયેશ હિરાણી - મદનપુર
- પ.ભ. મનસુખભાઈ દેવજી લાલજી વરસાણી - કેરા
- પ.ભ. કુંવરજીભાઈ વિશ્રામ વરસાણી ધ.પ. મંજુલાબેન - નારણપર ની.વા.
- પ.ભ. હિરેનભાઈ લક્ષ્મણ શીયાણી હ. લક્ષ્મણભાઈ શામજી શીયાણી - ભક્તિનગર
- પ.ભ. પરેશભાઈ મહેશ હીરાણી - માધાપર
- પ.ભ. નિતેશભાઈ દેવશી ભુડીયા, મીનાબેન નિતેશ ભુડીયા - ફોટડી
- પ.ભ. ધીરેનભાઈ શંભુલાલ મજેઠીયા સુત દેવેન - ભુજ
- પ.ભ. વિનોદભાઈ મનજી કેરાઈ સુત હિમાંશુ - કુંદનપુર
- સાં.યો. શામબાઈ મનજી કેરાઈ - નારણપર ની.વા.
- પ.ભ. ભીખાલાલ માવજી ગોરસીયા - સુખપર
- પ.ભ. કાન્તાબેન જાદવજી કેરાઈ - રામપર જુ.વા.
- પ.ભ. મોહિતભાઈ ભાવેશ વેકરીયા - નારણપર ની.વા.
- પ.ભ. અવનીશભાઈ ભૂપેશ શામજી હિરાણી હ. ધનબાઈ શામજી હીરાણી - માધાપર
- પ.ભ. ખીમજીભાઈ વેલજી પિંડોરીયા - નારણપર ઉ.વા.
- પ.ભ. મહેન્દ્રભાઈ દેવશી પિંડોરીયા - માધાપર
- પ.ભ. વાઘજીભાઈ કરસન હાલાઈ - મેઘપર
- પ.ભ. માનબાઈ વાઘજી કરસન હાલાઈ - મેઘપર
- પ.ભ. વ્યોમભાઈ મીનેશ હાલાઈ - મેઘપર
- પ.ભ. માલ્વિકાબેન જયન્તીલાલ હાલાઈ - મેઘપર
- પ.ભ. પ્રેમજીભાઈ વીરજી હાલાઈ - રામપર વેકરા
- પ.ભ. શીવજીભાઈ વિશ્રામ રાઘવાણી, મંજુલા શીવજી, પ્રિતેશ શીવજી તથા ઉર્વશીબેન - બળદિયા
- પ.ભ. શામજીભાઈ દેવજી વરસાણી - સુખપર
- પ.ભ. કુસુમબેન શંકરગર ગોસ્વામી - ભુજ
- પ.ભ. નીતિનભાઈ માવજી રૂપાલીયા - સુખપર
- પ.ભ. પુષ્ટિબેન હિતેશ વેકરીયા સહપરિવાર - બળદિયા ઉ.વા.
- પ.ભ. ખીમજીભાઈ રવજી પિંડોરીયા - વેકરા હાલે મોમ્બાસા
- પ.ભ. હરિનંદભાઈ દેવશી વરસાણી - ભારાસર
- પ.ભ. લક્ષ્મણભાઈ હરજી વરસાણી - સુખપર
- પ.ભ. અશ્વિનભાઈ કલ્યાણ પિંડોરીયા - માંડવી
- પ.ભ. નાનબાઈ દેવશી કેરાઈ - નારણપર
- પ.ભ. ડો. માનસીબેન મુકેશભાઈ ઠક્કર હ, મુકેશભાઈ રવિલાલ ઠક્કર - ભુજ
- સાં.યો. મહંત શામબાઈ ફઈની પ્રેરણાથી જાદવાભાઈ કલ્યાણ રાબડીયા - હરિપર
- પ.ભ. કાનજીભાઈ વાલજી કેરાઈ - સુખપર રોહા
- પ.ભ. હીરજીભાઈ વિશ્રામ ગાંગજીયાણી પરિવાર - દહીંસરા
- પ.ભ. ભાવીનાબેન હીરજી વિશ્રામ ગાંગજીયાણી - દહીંસરા
- પ.ભ. નારણભાઈ કરસન તેજા પરિવાર - બળદિયા હાલે બોલ્ટન
- પ.ભ. તુલસીબેન ધનજી કેરાઈ - કેરા હાલે લંડન
- પ.ભ. આનંદભાઈ મનસુખભાઈ શનિશ્વરા સહપરિવાર - ભુજ
- સાં.યો. રતનબેન મનજી વેકરીયા તથા સાં.યો. મંજુબેન મુળજી કેરાઈ - રામપર
- પ.ભ. કમલબેન મોહનલાલ સોની - અંજાર
- પ.ભ. લાલજીભાઈ કલ્યાણ વેલાણી - માનકુવા
- પ.ભ. હરજીભાઈ કાનજીભાઈ ગોરસીયા - મદનપુર
- પ.ભ. રાધાબેન લાલજી હીરાણી - માનકુવા
- પ.ભ. કિશોરભાઈ લાલજી ગોરસીયા - સુખપર

- પ.ભ. હરજીભાઈ કરસન વરસાણી - સામત્રા
- પ.ભ. નારણભાઈ રવજી ભુડીયા - સુરજપર
- પ.ભ. રામજીભાઈ મનજી કેરાઈ - માંડવી
- સાં.યો. રામબાઈ કુંવરજી - માધાપર
- પ.ભ. અ.નિ. લક્ષ્મણભાઈ મનજી રાબડીયા હ. પુત્રવધુ મંજુલાબેન પ્રેમજી - માંડવી
- પ.ભ. શકુંતલાબેન રવજી હાલાઈ - મેઘપર
- પ.ભ. અરવિંદભાઈ શીવજી ભુડીયા - ભક્તિનગર
- પ.ભ. ધીરજલાલ વાલજીભાઈ ઠક્કર હ. સ્વામી દેવજીવનદાસજી - ભુજ
- પ.ભ. મનજીભાઈ કલ્યાણ ખેતાણી સહપરિવાર - ફોટડી
- પ.ભ. માવજીભાઈ નારણ ભુડીયા સહપરિવાર - ફોટડી
- પ.ભ. અમૃતબેન નંદકિશોર નારણ હિરાણી - ભારાસર
- પ.ભ. નવીનભાઈ રામજી ભુડીયા - માંડવી
- પ.ભ. શાન્તિભાઈ મનજી રાઘવાણી - બળદીયા
- પ.ભ. જીગ્નેશભાઈ કિશોર ખીમાણી - દહીંસરા
- પ.ભ. શીવજીભાઈ રામજી વરસાણી - ભક્તિનગર
- પ.ભ. અ.નિ. મનજીભાઈ કેશરા હિરાણી - ભક્તિનગર
- પ.ભ. અમરબાઈ ઘનશ્યામ માધાણી - ભારાસર
- પ.ભ. દેવશીભાઈ પ્રેમજી મેપાણી - સુરજપર
- પ.ભ. માનબાઈ માવજી મેપાણી - સુખપર
- પ.ભ. વિપુલભાઈ રવજી શીવજી પિંડોરીયા - નારણપર ઉ.વા.
- પ.ભ. વિશ્રામભાઈ કરસન રૂપાલીયા - સુખપર
- સાં.યો. કુંવરબાઈ હીરાલાલની પ્રેરણાથી સુંદરબાઈ લાલજી ભુડીયા - માધાપર

---

## શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર દાતાશ્રીઓ

- પ.ભ. અ.નિ. કેશરબાઈ નારણ ગોરસીયાના મોક્ષાર્થે હ. શામજીભાઈ નારણ સહપરિવાર - ભક્તિનગર માનકુવા
- પ.ભ. રતનબેન રમેશ વરસાણી હ. સાં.યો. નીતાબેન - કેરા
- પ.ભ. કુંવરજીભાઈ હીરા વરસાણી પરિવાર - મિરજાપર
- પ.ભ. ધનબાઈ રવજી વસ્તા કેરાઈ પુત્ર પ્રવિણ તથા વિજેશ હ. સાં.યો. નીતાબાઈ - નારણપર
- પ.ભ. સુંદરબાઈ કલ્યાણ વાઘજીયાણી - મેઘપર
- પ.ભ. વિશ્રામભાઈ વેલજી જોધાણી હ. શીવજીભાઈ પુંજાણી - ભક્તિનગર
- પ.ભ. મેઘબાઈ કાનજી કેરાઈ તથા અમરબાઈ કાનજી કેરાઈ - બળદીયા ઉ.વા.
- પ.ભ. અ.નિ. પુરબાઈ કુંવરજી વેકરીયા - બળદીયા
- પ.ભ. કિશોરભાઈ ગણપતભાઈ જેઠા, રમેશભાઈ ગણપત જેઠી - ભુજ
- પ.ભ. કાનબાઈ કાનજી રત્ના ગોરસીયા હ. કાનજીભાઈ - માનકુવા
- પ.ભ. વેલબાઈ કાનજી કુંરજી વરસાણી - ભારાસર
- પ.ભ. અ.નિ. રાધાબેન કેશરા વાઘાણી હ. ગોવિંદભાઈ તથા દેવજીભાઈ - સુખપર
- પ.ભ. રતનબાઈ નારણ ભુડીયા, રામબાઈ કાનજી ભુડીયા - ભક્તિનગર
- પ.ભ. ધનજીભાઈ કેશરા હિરાણી સહપરિવાર - સુખપર

---

## અક્ષરવાસ

- ગામ મીરજાપર (હાલે કાર્ડીફ)ના પ.ભ. હીરજી મનજી શીવજી હિરાણી ઉ.વ. ૫૯ તા. ૩-૩-૨૦૧૫ના શ્રીજીનું સ્મરણ કરતાં અક્ષરવાસી થયા છે. શ્રીહરિ દિવંગત આત્માને પોતાના ચરણકમળનું સુખ આપે એજ પ્રાર્થના.
- (૧)ભચીબેન માવજી ભુડીયા, સુખપર, (૨) શીવજી નાથા પીંડોરીયા, સામત્રા અને(૩) વાલજી જાદવા વેકરીયા, સુખપર અક્ષરવાસી થયા છે. તેઓને શ્રીજી મહારાજ તેમના ચરણકમળનું સુખ આપે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

# સત્સંગ સમાચાર

## રસ ઉત્સવ - સરદાર પટેલ નગર, ભુજ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતાર્થે અને પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તેમજ અન્ય સંતોના આશીર્વાદથી અહીં સરદાર પટેલ નગરના મંદિરમાં દરસાલની જેમ ચાલુ સાલે પણ શનિવાર તા. ૧૩-૬-૨૦૧૫ના રોજે રસ-પુરીનો ઉત્સવ (કેરીના રસનો) રાખેલ હતો. બહેનોએ ખાસ મહેનત કરી રસ-પુરી બનાવીને ઠાકોરજીને ધરાવીને સર્વે સત્સંગીઓએ દર્શન તેમજ પ્રસાદ લઈ રાત્રે ઉત્સવની સમાપ્તિ કરી હતી.

અહેવાલ :- લાલજી વાલજી હિરાણી

---

## અધિકમાસ રથાયાત્રા, કોડકી

તા. ૧૮-૬-૧૫ ગુરુવારના અધિક અષાઢ સુદ-૨ ન અધિકમાસમાં આવતા ઉત્સવ અંતર્ગત શ્રીસ્વામિનારાયણ મંદિર, કોડકી દ્વારા ભવ્ય રથાયાત્રાનું આયોજન કરવમાં આવેલ. સાંજે ૭:૦૦ વાગ્યે ભુજથી પધારેલ સંતો દ્વારા કોડકી મુખ્ય પ્રવેશદ્વાર પાસેથી રથયાત્રાને પ્રસ્થાન કરાવી યુવક મંડળના યુવાનો સ્વયં રથયાત્રાને ખેંચીને ગામમાં રથયાત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ સભાનું આયોજન કરેલ જેમાં સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજી, સ્વામી સૂર્યપ્રકાશદાસજી, સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ આશીર્વચનનો લાભ આપ્યો હતો. અંતે ભગવાન જગન્નાથજીની ભવ્ય મહાઆરતી ઉતારવામાં આવી હતી. આ સમગ્ર ઉત્સવના મુખ્ય યજમાન કેરાઈ જીતેશ દેવજી રહ્યા હતા. આવા તો અનેક ઉત્સવો અધિકમાસ દરમ્યાન મંદિર દ્વારા એક માસ સુધી ઉજવવામાં આવશે.

અહેવાલ :- નારણ રવજી હાલાઈ, કોડકી

---

## યુવતી મંડળ વાર્ષિક પરીક્ષા, સરલી

ભુજ મંદિરના મહંત સાં.યો. શામબાઈ ફઈના નેતૃત્વમાં કચ્છના દરેક મંદિરોમાં યુવતી મંડળની પ્રવૃત્તિના ભાગ રુપે સરલી ગામમાં બહેનોની ધાર્મિક પરીક્ષા લેવામાં આવી હતી. તા. ૩-૫-૨૦૧૫ રવિવારના લેવાયેલી પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ યુવતી બહેનોને સાં.યો. બહેનો દ્વારા શ્રીજી મહારાજના ચરણાવિંદની ભેટ અર્પણ કરવામાં આવી હતી. ઉત્તીર્ણ થયેલ બહેનો,

પ્રથમ નંબર :- પિંડોરીયા ભારતી ધર્મેન્દ્ર, રાબડીયા ભૂમિકા અજય

દ્વિતીય નંબર :- રાબડીયા લાલબાઈ નારણ

તૃતીય નંબર :- રાબડીયા મોનિકા પ્રવિણ

અહેવાલ :- પિંડોરીયા ભારતી અરવિંદ

---

## શ્રીસ્વામિનારાયણ મંદિર, સિનુગ્રા

સિનુગ્રા (તા. અંજાર) શ્રીસ્વામિનારાયણ મંદિરનો વાર્ષિક પાટોત્સવ તા. ૨૫-૫-૧૫ના ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ ઉત્સવના યજમાન પણ મંદિરના પુજારી લાલજીભાઈ કરસન વરસાણી રહ્યા હતા. અંજારથી પુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ્વામી મહાપુરુષદાસજી, સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી અને સ્વામી જયકૃષ્ણદાસજી પધાર્યા હતા. તેઓએ કથા-વાર્તા કરીને દિવ્યાનંદ આપ્યો હતો. ઉત્સવ સમાપ્તિ બાદ સહુ ભક્તજનોએ ભોજનરૂપ દિવ્ય પ્રસાદ લીધો હતો.

અહેવાલ :- પુજારી લાલજીભાઈ કરસન

---

## સંતોની બદલી નિમિત્તે ૫ દિવસીય ધૂનનો કાર્યક્રમ

અંજારમાં એક વર્ષ સુધી શ્રીઘનશ્યામ મહારાજની સેવામાં રહેલ તે સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા તેમના સંતમંડળની બદલી ભુજ થઈ રહી હોવાથી એ નિમિત્તે તા. ૧૮-૫-૧૫ થી ૨૨-૫-૧૫ સુધી પંચદિવસીય રાત્રી ધૂનનો અદ્‌ભુત કાર્યક્રમ મંદિરના ચોકમાં રાત્રે ૮:૩૦ થી ૧૦ વાગ્યા સુધી "શ્રીસ્વામિનારાયણ" મહામંત્રની ધૂનનો કાર્યક્રમ રાખેલ હતો. જેમાં રાત્રી સમયમાં હજારો

ભાઈ-બહેનો હરિભક્તોએ ધૂનનો લાભ લીધો હતો. અને રામપર ગંગાજી શ્રીહરિ તપોવન ગુરુકુળથી પધારેલ સંતો સ્વામી ભક્તિવિહારીદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી તથા શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી પધારેલ હતા.

પૂ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, પૂ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સ્વામી વિશ્વવલ્લભદાસજીએ પ્રવચન કરીને આશીર્વાદ આપતા હતા. પાંચે દિવસ તથા સભાનું સંચાલન સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા છેલ્લે દિવસે શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું. પાંચે દિવસ ગવૈયા સંત સ્વામી શ્રીજીનંદનદાસજીએ અનેક રાગરાગીણીમાં ધૂન ગવડાવીને હરિભક્તોને રાજી કર્યા હતા. અને છેલ્લે દિવસે મહાઆરતી કરવામાં આવી હતી. પાંચ દિવસના રાત્રી કાર્યક્રમમાં હરિભક્તો શ્રી છોટુભાઈ દૈયા, જીતુભાઈ સોની, રમણીકભાઈ સોલંકી, પ્રેમજીભાઈ કાનજી હિરાણી, વેલજીભાઈ નારણજી સોની, કુંવરજીભાઈ રવજી હીરાણી, નરેન્દ્રભાઈ નેતા, રાજુભાઈ કોડરાણીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. રવાડાના ચેરમેનશ્રી નીરવભાઈ ભારદીયાની વિશેષ ઉપસ્થિતિ તથા પ્રવચન અને રાજકીય નેતા અગ્રગણીય સેવકોએ ધૂનનો લાભ લીધો હતો.

અંજારમાં રહેલ મંડલેશ્વર મંડળધારી સ્વામી ધર્મપ્રસાદદાસજીના સંતમંડળની બદલી ભુજધામ થતાં તેના ઉપલક્ષમાં ધૂનનો કાર્યક્રમ યોજાયો હતો. તા. ૨૩-૫-૧૫ના બપોરે ૨:૩૦ વાગે સમગ્ર સંતમંડળ ભુજ પ્રસ્થાન કરેલ.

અહેવાલ :- રમણીક સોલંકી, અંજાર

---

## નવા મંદિરનું વાસ્તું પૂજન

ચંદ્રનગર (ખોખરા) મધ્યે ભુજ મંદિરના પૂ. મહંત સ્વામીની આજ્ઞા સાથે, વડીલ સંતોની પ્રેરણાથી તા. ૮-૬-૧૫ના રોજ શુભ સવારે ઠાકોરજીની શોભાયાત્રા કાઢવામાં આવી જેમાં સંતો, ભક્તો, ગ્રામજનો સૌ જોડાયા હતા. માધાપર ગામના હરિભક્તો મંડળી સાથે વાજીંત્રો સહીત લાભ લીધો હતો. આ પ્રસંગે ભુજ મંદિરેથી સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી તેમજ સંત મંડળ સહિત પધારી સત્સંગરૂપી સંત, શાસ્ત્ર અને ભગવાનનો મહિમા વર્ણન કર્યો હતો. સાથે રૂડા આશીર્વાદ આપી સત્સંગની શીખ આપી હતી.

આ પ્રસંગને દિપાવવા માધાપરની સાં.યો. બહેનો પધાર્યા હતા. સાથે કર્મયોગી બહેનોને વર્તમાન ધરાવીને સત્સંગનો લાભ આપ્યો હતો.

નૂતન મંદિરમાં વાસ્તુ હવન પ્રસંગે આયોજન થયું જેમાં આચાર્યશ્રી ધર્મેન્દ્ર મારાજ સાથે યજમાનપદે વિનોદ સુથારે લ્હાવો લીધો હતો. આ પ્રસંગે સંતસભા, કીર્તન, થાળ સાથે ઠાકોરજીની આરતી જેવા પ્રસંગ કરાયા. આરતીની યજમાનપદે યુવક મંડળના સમસ્ત યુવાનોએ લાભ લીધો હતો.

ગામજનોની ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને અગ્રણીઓ વતી સંતો, ભક્તો, પધારેલા મહેમાનોને સન્માન્યા હતા.

અહેવાલ :- કાનજીભાઈ સુથાર

---

## શ્રી સહજાનંદ ગુરુકુલ સંચાલિત શ્રી પુરુષોત્તમ વિદ્યાલય, માનકુવાનું ધો ૧૦ અને ધો ૧૨ (સા.પ્ર.) નું ૧૦૦% ટકા પરિણામ

શ્રી સહજાનંદ ગુરુકુલ સંચાલિત, શ્રી પુરુષોતમ વિદ્યાલયનું ધોરણ ૧૦ અને ધોરણ ૧૨નું પરિણામ ૧૦૦% ટકા આવતાં શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

છેલ્લા ૧૧ વર્ષ થી શિક્ષણની જ્યોત જલાવતી શાળાના ધોરણ ૧૦ ના ૭૭ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ (સા.પ્ર.) ના ૩૨ વિદ્યાર્થીઓમાંથી તમામ વિદ્યાર્થીઓ સારી ટકાવારી સાથે ઉતીર્ણ થતાં વિદ્યાર્થીઓ અને શાળા પરિવારમાં આનંદનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

ધોરણ ૧૦ માં B1 ૭૧ થી ૮૦ માં (૧૮) વિદ્યાર્થી, B2 ૬૧ થી ૭૦ માં (૨૪) વિદ્યાર્થી, C1 ૫૧ થી ૬૦ માં (૩૨) વિદ્યાર્થી, C2 ૪૧ થી ૫૦ માં (૩) વિદ્યાર્થી.

ધોરણ ૧૨ માં A2 ૮૧ થી ૯૦ માં ૦૧ વિદ્યાર્થી, B1 ૭૧ થી ૮૦ માં ૦૭ વિદ્યાર્થી, B2 ૬૧ થી ૭૦ માં ૦૯ વિદ્યાર્થી, C1 ૫૧ થી ૬૦ માં ૧૧ વિદ્યાર્થી, C2 ૪૧ થી ૫૦ માં ૦૪ વિદ્યાર્થી.

૧૦૦% ટકા પરિણામ બદલ સંસ્થાના ટ્રસ્ટીશ્રી લક્ષ્મણ સામજી શિયાણી , રામજી રત્ના હિરાણી તથા વિદ્યાલયના આચાર્ય શ્રી હરેશભાઈ બી. પટેલ, સંસ્થાના એજ્યુકેશન ડાયરેકટર શ્રી વિપુલભાઈ મહેતાએ વિદ્યાલયના વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. સંસ્થાના અધ્યક્ષ શાસ્ત્રી સ્વામી ભક્તિપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી ઘનશ્યામસેવકદાસજી, સદગુરૂ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદગુરૂ સ્વામી યજ્ઞપુરુષ દાસજી, સંચાલક શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી અક્ષરવિહારી દાસજી, સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી, સદગુરુ સ્વામી શ્રીહરિદાસજી, પાર્ષદવર્ય ખીમજી ભગતે વિદ્યાર્થીઓને ઉત્તરોત્તર પ્રગતિ કરવા આશીર્વચન પાઠવ્યાં હતા. તેમજ ૧૦૦% ટકા પરિણામ બદલ વિદ્યાલયના શિક્ષકોની મહેનતને પણ બિરદાવી હતી. ઉપરાંત આગામી વર્ષોમાં પણ ઉજ્જવળ પરિણામની પરંપરા જળવાઈ રહે તેવી નેમ વ્યકત કરી હતી.

અહેવાલ :- શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી

---

## પુરુષોત્તમમાસ, માંડવી

અરબી સાગરની ગોદમાં રહેલ માંડવી બંદર શ્રી સ્વામિનારાયણ મંદિર, માંડવીના મહંત સ્વામી દેવકૃષ્ણદાસજી આદિ સંત પાર્ષદ મંડળની નિશ્રામાં શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ અને શ્રીઘનશ્યામ મહારાજના રાજીપાથી અમો માંડવીમાં અધિક અષાઢ શ્રી પુરુષોત્તમ માસમાં શ્રી સ્વામિનારાયણ મંદિરે વર્ષ દરમ્યાન આવતા વૈષ્ણવ સંપ્રદાયના ધાર્મિક તહેવારો નિજ મંદિરના મંડપમાં યુવાન સંતોની મહેનત અને ભક્તોના સહયોગથી ઉત્સાહ ભેર ઉજવાઈ રહ્યા છે.

તેમજ શ્રીપુરુષોત્તમ માસના વ્રતની માસિક પારાયણની કથા માંડવીના વિદ્વાન યુવાન સંતો સભામંડપમાં કથા શ્રવણ કરાવે છે.

ઉપરોક્ત ઉત્સવોના દર્શન અને કથા શ્રવણનો લાભ લેવા તથા ઉત્સવમાં યજમાનપદ સ્વીકારી ભાગ્યશાળી બનવા ધર્મપ્રેમી શ્રધ્ધાળુ ભાઈ-બહેનોને અવશ્ય પધારવા ભાવભર્યું આમંત્રણ આપીએ છીએ.

તા. ૧૬-૭-૨૦૧૫ અષાઢ વદ અમાસના મહાપર્વે અધિકમાસના સમાપનમાં ઉદ્યાપન સ્વરૂપે સમુદ્ર કિનારે સવારના સમૂહ મહાપૂજા કરવામાં આવશે. હે ભક્તો ! એકનું અનેક ઘણા ફળના અધિકારી બનવા અવશ્ય પધારશો

સંપર્ક :- શ્રી સ્વામિનારાયણ મંદિર, માંડવી
ફોન નં. ૦૨૮૩૪ ૨૨૨૮૮૮ મો. ૯૮૭૯૫ ૩૦૮૯૯

અહેવાલ :- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી

---

## રાત્રી સત્સંગ સભા, ફોટડી

ગામ શ્રી ફોટડી મધ્યે તા. ૧૪-૬-૨૦૧૫ થી તા. ૧૮-૬-૨૦૧૫ સુધી રાત્રી સભાનું આયોજન કરેલ હતું. તોમાં પાંચ દિવસ સુધી પુરાણી સ્વામી શુકદેવસ્વરૂપદાસજીના મુખે કથાનું શ્રવણ કર્યું હતું. તેમાં તેમનો વિષય સત્સંગી કોને કહેવાય ? તે હતો તેમના ચાર પ્રકરણ ઉપર ૧) પરમાત્મા ૨) સત્સંગ ૩) શાસ્ત્ર અને ૪) ધર્મ આ ચાર પુરેપુરા હોય ત્યારે સત્સંગી કહેવાઈએ એમ જણાવ્યું હતું. રાત્રે ૮:૩૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી બહુ જ લાભ આપ્યો તેમાં પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજીના આશીર્વાદ પાંચ પાંચ દિવસ મળ્યા હતા. અને પુરાણી સ્વામી ઘનશ્યામજીવનદાસજી ધૂન કીર્તનનો લાભ લીધો હતો. સભાપતિપદે પુરાણી સ્વામી સત્યપ્રકાશદાસજી રહ્યા હતા. તા. ૧૮-૬-૨૦૧૫ના રાત્રે અષાઢ સુદ ૨ના પાટોત્સવ ઉજવાયો હતો. તેમાં અલૌકિક અન્નકુટોત્સવ હતો. તેમાં ગામનાં દરેક સત્સંગીઓના ઘરેથી અલગ અલગ પ્રકારની વાનગીઓ આવી હતી અને ભગવાન થાળ આરોગ્યા હતા. પછી રાસોત્સવ ઉજવાયો હતો. અને તેનો લાભ ગામના દરેક સત્સંગી યુવાનો, વડીલો તથા બહેનોએ લઈ આનંદ માણ્યો હતો. ત્યારબાદ રાત્રે મહાઆરતીનો પણ લાભ લીધો હતો. ત્યારબાદ પ્રસાદ વિતરણ કર્યા બાદ છૂટા પડ્યા હતા.

અહેવાલ :- કાન્તીલાલ રત્ના, ફોટડી

---

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત શ્રીઘનશ્યામ એકેડેમી (C.B.S.E.) નારણપર શાળા પરિવાર

"યોગ ભગાડે રોગ"ના સૂત્ર સાથે ઉજવ્યો યોગદિન

માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના

પ્રયત્નોના ફળ સ્વરૂપે ૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાના નિર્ણય પર આખી દુનિયાએ સહમતીની મોહર લગાવી. ભારતની પ્રાચીન સંસ્કૃતિને જ્યારે આખી દુનિયા હાથ ફેલાવીને અપનાવવા તૈયાર છે, ત્યારે દેશ અને વિદેશ સાથે કદમથી કદમ મિલાવીને ચાલવાનો પ્રયાસ કરતા આપણી શાળા શ્રી ઘનશ્યામ એકેડમીના ભુલકાઓએ પણ આ વિશેષ દિવસની પૂર્વ સંધ્યાએ અનેરી ઉજવણી કરી હતી.

આ દિવસે સવારથીજ જાણે શાળા પાઠશાળા ન રહેતાં યોગશાળામાં પલટાઈ ગઈ હતી. આ ઉજવણી માટેના વિશેષ કાર્યક્રમમાં સૌપ્રથમ શાળાના આચાર્યશ્રીએ પોતાનું વક્તવ્ય આપ્યું. ત્યારબાદ વિદ્યાર્થીઓએ યોગ વિશેના મનોભાવો વ્યક્ત કર્યા હતા. શાળાના વ્યાયામ શિક્ષિકા દ્વારા તૈયાર કરાયેલી વિદ્યાર્થીઓની ટીમે યોગાસનો અને સૂર્યનમસ્કાર કર્યા હતા. આ દિવસે અતિથિ વિશેષ તરીકે શ્રીઅનિરૂધ્ધસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બાળકોને યોગાસનો તથા પ્રાણાયામની અલગ અલગ પધ્ધતિ શીખવી અને યોગ અને પ્રાણાયામના લાભોથી માહિતગાર કર્યા હતા. તથા બાળકોએ તેમણે શીખવેલ યોગાસનોનું અને પ્રાણાયામનું અનુકરણ કર્યું હતું.

કાર્યક્રમના અંત ભાગમાં પ.પૂ. સ્વામી ધર્મચરણદાસજીએ આશીર્વાદ સહ બાળકોને જીવનમાં સારી ટેવો અપનાવવાની સલાહ સાથે શુધ્ધ સાત્ત્વિક ભોજન કરવા ઉપર ભાર મૂક્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને શાળાના સંચાલક સંતમંડળ, ટ્રસ્ટીશ્રીઓ અને આચાર્યશ્રી દ્વારા બિરદાવવામાં આવ્યો હતો.

અહેવાલ :- સ્વામી ધર્મચરણદાસજી

---

## પ્રભાતફેરી – નાઈરોબી

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર દ્વારા સંતોના સાનિધ્યમાં શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ નાઈરોબીના ઉપક્રમે ભવ્ય નાઈરોબી શહેરના રાજમાર્ગે પ્રભાતફેરી નીકળી હતી. તા. ૨૧/૬/૨૦૧૫ રવિવારના રોજ સવારે ૬ થી ૮ સુધી કાઢવામાં આવી હતી, અને ૨૦૦૦ થી વધુ ભક્તો, બહેનો યુવાનો તથા બાળકો જોડાયા હતા. આ પ્રસંગે ભુજથી પધારેલ યુવક મંડળના સંતો જોડાયા હતા.

## બાલ સત્સંગ વિહાર શિબિર

આપણું બાળક આપણું ભવિષ્ય છે. બાળકોમાં સારા સંસ્કાર હશે તો જ આપણું ભવિષ્ય સારું રહેશે. બાળકોમાં સારા સંસ્કાર, સંપ્રદાયનું જ્ઞાન, શ્રીઘનશ્યામમહારાજમાં પ્રેમ થાય એવા હેતુથી ભુજ મંદિર દ્વારા સંચાલિત શ્રીઘનશ્યામ બાલ મંડળના બાળકોની પૂજય મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી દશાબ્દી બાલમંચના ઉપલક્ષ્યમાં ઝોન પ્રમાણે બાલ સત્સંગ વિહાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં

તા,૧-૬-૨૦૧૫ના બળદીયા અને નારણપર ઝોનની શિબિર કેરા જડેશ્વર મહાદેવે રાખવામાં આવી હતી જેમાં ૩૦૦ જેટલા બાળકો જોડાયા હતા.

તા. ૨-૬-૨૦૧૫ના રામપર ઝોનની શિબિર રામપર ગંગાજીએ રાખવામાં આવી હતી જેમાં ૨૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો.

તા. ૩-૬-૨૦૧૫ના રોજે સુખપર અને માનકુવા ઝોનની બાળ શિબિર હતી તે સુખપર નાગથડે રાખવામાં આવી હતી જેમાં ૪૦૦ જેટલા બાળકો જોડાયા હતા.

તા. ૪-૬-૨૦૧૫ના માંડવી ઝોનની બાલ શિબિર માંડવી મંદિરમાં રાખવામાં આવી હતી જેમાં ૧૦૦ જેટલા બાળકો લાભ લાધો હતો.

તા.૫-૬-૨૦૧૫ના રવાપર ઝોનની શિબિર રવાપર સત્સંગ ભવનમાં રાખવામાં આવી હતી જેમાં ૧૦૦ જેટલા બાળકો એ લાભ લીધો હતો.

આ શિબિર અંતરગત વિવિધ સ્પર્ધાઓ, ગ્રુપવાઈસ સંત સમાગમ, વિવિધ ગેમો, વાર્તાઓથી આનંદીત કરી બાળકોને સારા સંસ્કારોનું સિંચન કરવામાં આવ્યું હતું. દરેક બાળકોને પ્રોત્સાહન રૂપે ઈનામ આપવામાં અવ્યું હતું. આ દરેક કાર્યક્રમોમાં બાલમંડળના સંચાલક સ્વામી સંતસ્વરૂપદાજી, સ્વામી ભકતવત્સલદાસજી, સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, સ્વામી હરિપ્રસાદદાસજી, સ્વામીવેદાંતસ્વરૂપદાસજી,સ્વામી ભક્તિપ્રકાસદાસજી, સ્વામી સુવ્રતમુનીદાસજી, આદી સંતો ખૂબ મહેનત કરી હતી અને તે તે ઝોનના યુવાનોએ પણ રસોઈ,શરબત વગેરે બનાવી સારો સહયોગ આપ્યો હતો. શ્રીઘનશ્યામ બાલમંડળની સભામાં અને આવા દરેક આયોજનોમાં આપણા બાળકોને જરૂર મોકલજો એજ દરેક વાલીઆનો વિનંતી સહ જય સ્વામિનારાયણ..

અહેવાલ : શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

# વિદેશ સમાચાર



## શ્રીસ્વામિનારાયણ મંદિર સ્ટેનમોરનો ૯મો વાર્ષિક પાટોત્સવ

શ્રીસ્વામિનારાયણ મંદિરને સ્ટેનમોરને વૈશાખ વદ ૧૨ શુક્રવાર તા. ૧૫-૫-૨૦૧૫નાં રોજ નવ વર્ષ પુરાં થયા, તે નિમિત્તે સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીશતાનંદમુનિ વિરચિત શ્રી સત્સંગીજીવનનું સપ્તાહ પારાયણ ગાવાનું નિર્ધારિલ, જેના વક્તા પદે ભુજ મંદિરથી વિદ્વાન સંતો વ્યાસાસને બિરાજીને કથાનું અમૃતપાન સંગીતના સુરે કરાવેલ. આ સપ્તાહ પારાયણ મહોત્સવની શરૂઆત રવિવાર તા. ૧૦-૫-૧૫ના સાંજના ૬:૩૦ વાગ્યે પોથીયાત્રાથી કરવામાં આવેલ. જેનું આપણા મંદિરના પાછળના ચોગનમાંથી ભુજના સંતોના સાંનિધ્યમાં હરિભક્તો દ્વારા પૂજન કરી આરતી ઉતારી અને વાજિંત્રો સાથે હરિકૃષ્ણ મહારાજને પાલખીમાં બેસાડીને વાજતે ગાજતે મંદિરમાં લાવી અને વ્યાસપીઠ ઉપર પધરાવવામાં આવેલ. કથા પારાયણનો શુભ પ્રારંભ સોમવાર તા. ૧૧-૫-૧૫ના સવારના ૯:૦૦ વાગ્યે વ્યાસપીઠ તથા વક્તાશ્રીનું પૂજન કર્યા બાદ કરવામાં આવેલ. જેનું બન્ને ભુજ મંદિરની bhujmandir.org તથા શ્રીસ્વામિનારાયણ મંદિર સ્ટેનમોરની વેબ સાઈટ swaminarayansatsang.com ઉપર સાતે સાત દિવસ લાઈવ બ્રોડકાસ્ટ કરવામાં આવ્યું હતું. આ ઉત્સવ નિમિત્તે શુક્રવાર અને શનિવાર સાંજના તથા રવિવારના સમાપ્તિબાદ પ્રસાદરૂપી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી જેના યજમાન થવા અન્ય હરિભક્તોએ ભેટ નોધાવી હતી.

શુક્રવાર તા. ૧૫-૫-૧૫નાં સવારના ૮:૦૦ વાગ્યે ખૂબ જ ઉત્સાહ પૂર્વક શ્રીઘનશ્યામ મહારાજ તથા હરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી મહાઅભિષેક કરવામાં આવેલ જેના યજમાનપદે ગામ રામપરના અ.નિ. નારણભાઈ કરસન રાબડીયા હ. કીરીટ હીરજી રાબડીયા, ત્યારબાદ વિવિધ અન્નકૂટ થાળ ગોઠવીને શ્રીહરિને જમાડવામાં આવ્યા હતા, જેના યજમાનપદે ગામ રામપરના અ.નિ. કાનબાઈ નારણ રાબડીયા હ. વનિતાબેન કીરીટ રાબડીયાએ લાભ લીધેલ. સવારના કથા સત્ર બાદ ઠાકોરજીના તથા મંદિરના શિખર ઉપર ધ્વજ રોપણ કરવામાં આવેલ  જેનો આગલા દિવસે ચડાવવામાં રહેલ ત્રણ હરિભક્તોએ સંગીતના સથવારે ધામધૂમથી કરેલ જેના યજમાનપદનો લાભ ગોપાલભાઈ નારણ વેકરીયા તથા બે હરિભક્તોએ સાથે મળી અને લીધેલ. સાંજની કથા બાદ શ્રીસ્વામિનારાયણ મહામંત્રની ધૂનનો કાર્યક્રમ રાખેલ જેનો લાભ મોટી સંખ્યામાં હરિભક્તોએ લીધેલ ત્યારબાદ સર્વે મહાપ્રસાદ લઈને છૂટા પડ્યા હતા.

શનિવાર તા. ૧૬-૫-૧૫ના સાંજના કથા સત્ર બાદ ૫ વાગ્યે રાજોપચ્ચાર પૂજનનું આયોજન કરવામાં આવેલ જેના માટે બધા ભક્તોએ પોતપોતાના કે પાડોસીના ગાર્ડનમાંથી ફુલ એકત્ર કરી અને લાવેલ, એટલું જ નહી પણ કેટલા તો ખરીદીને પણ લઈ આવ્યા હતા. સંતો તથા બ્રાહ્મણ દ્વારા વેદોક્ત મંત્રથી ગણેશ પૂજન કરી અને બન્ને ભાઈઓ તથા બહેનોના મંદિરમાં રાજોપચ્ચારની અન્ય સામગ્રી જેવી કે, દર્પણ, વિંજણો, ચામર, શંખનાદ છડી ગીત, કીર્તન, વાજિંત્ર, નૃત્ય, વચનામૃત વાંચન સ્ત્રોત્ર પાઠ વગેરે અર્પણ કરી રાજોપચ્ચાર પૂજન કર્યું હતું. સાથે સાથ અન્ય મંદિરેથી આવેલ બધા ભાઈઓ તથા બહેનોએ પણ પૂજનનો લાભ લઈ અને સંતો દ્વારા પૂજા કરેલ. ફુલ ઘનશ્યામ મહારાજને અર્પણ કરવામાં આવ્યા હતા. રાજપોચ્ચાર નિમિત્તે ઘનશ્યામ મહારાજને એક હરિભક્તે સોનાના સિક્કાની ભેટ ધરી હતી. પૂજાના અંતમાં શ્રીહરિકૃષ્ણ મહારાજને એક ભાઈઓની  અને બીજી બહેનોની એમ બે પાલખીમાં બેસાડી અને વન વિહારની યાત્રા વાજિંત્ર સાથે વાજતા ગાજતે ધૂન, કીર્તન તથા નાચતા કુદતા કરવામાં આવી હતી. જેનો લાભ અન્ય હાજર રહેલ ભક્તો તથા સંતોએ લઈ અને આનંદ માણ્યો હતો. પછી પાલખીમાં બિરાજેલ બન્ને હરિકૃષ્ણ મહારાજને મંદિરમાં પધરાવી છેલ્લે સર્વે

પ્રસાદરૂપી ભોજન જમીને છૂટા પડ્યા હતા.

રવિવાર તા. ૨૫-૫-૧૫ના સવારના ૧૧:૦૦ વાગ્યે સંતોના આશીર્વાદથી લઈ ગામો ગામથી પધારેલ અન્ય મંદિરના ટ્રસ્ટીઓનું સંતો દ્વારા ફુલહારથી બિરદાવી. ત્યારબાદ મંદિરના પ્રમુખે આખા વર્ષ દરમિયાન જેજે સેવા કરી હોય તેની આભારવિધી કરી. પૂજારીને ભેટ આપીને પારાયણની ઉથ્થાપન વિધિ કરી કથા સમાપ્તિ સાથે મળી આરતી ઉતારી, પ્રસાદરૂપી ભોજન લેવા પધાર્યા હતા. જેના નિમિત્તે ધનબાઈ શામજી માંડાણી સહ પરિવારે ભેટ અર્પણ કરેલ.

રવિવારના સવારના સત્ર બાદ બપોરના ૧ વાગ્યાથી ૫:૦૦ વાગ્યા સુધી ફન ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના બાળકો માટે ઘનશ્યામ કુકરી ક્લાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં નાના બાળકો એ બ્લુબરી મફીન, બિસ્કીટ, બરગર, સલાડ તથા સ્ટ્રોબરી ભરાઉની બનાવી અને આનંદ માણ્યો હતો. સર્વે મોટા હરિભક્તોએ સીનીમન રોલસ, રાજ કચોરી, વેજીટેબલ લઝાનીયા, હરીયાલી રોલ તથા પીનટ બટ્ટર કુકીઝ બનાવી ૫ વાગ્યા સુધી આનંદ માણ્યો હતો.

અહેવાલ :- ઉ.મંત્રી જાદવજી હિરાણી

---

## શ્રી સ્વામિનારાયણ મંદિર, ઈસ્ટ લંડન

ઠાકરથાળી ઉત્સવ :-

તા. ૧૦-૫-૨૦૧૫ને રવિવારે ઠાકરથાળી ધ.પ. પુષ્પાબેન હરજીભાઈ કાનજીભાઈ હીરાણી ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે હસ્તે પતિશ્રી હરજીભાઈ કાનજીભાઈ હીરાણી પરિવાર ગામ માનકુવા, તા. ૩૧-૫-૧૫ને રવિવારે પ.ભ. કિન્તેશભાઈ પટેલ કેત્વી આઈલેન્ડ સુપુત્ર નિમિત્તે, તા. ૩૧-૫-૨૦૧૫ રવિવારે પ.ભ. મેઘજીભાઈ શામજી હિરાણી તથા કસ્તુરબેન મેઘજી હીરાણી પરિવાર  ગામ માનકુવા સાથે પૌત્ર શિવમ, સુરજ હિરાણીના જન્મ નિમિત્તે અને શ્રીઘનશ્યામ મહારાજને ભેટ અર્પણ કરેલ. તા. ૭-૬-૨૦૧૫ રવિવારે અ.વા. માતુશ્રી રતનબેન પ્રેમજી હીરાણી ૧૦મી પુણ્યતિથિ નિમિત્તે શ્રી હીરજીભાઈ પ્રેમજી હીરાણી, માનકુવા હસ્તે સુપુત્રીઓ સવિતાબેન, રમીલાબેન, કાન્તાબેન તથા હસ્મીતાબેન દ્વારા પુણ્યસ્મૃતિ નિમિત્તે ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ.

- શ્રીઈસ્ટ લંડન મંદિર તેમજ યુવક મંડળ આયોજિત નેપાળ ભૂકંપ રાહત :-

કાર્યક્રમ : તા. ૩૧-૫-૧૫ને રવિવારે આખો દિવસ જ્યુસીપાલીટીની કારપાર્કમાં આમ જનતાની કારને પાણીથી સાફ કરેલ. પચાસેક જેટલા યુવકો-યુવતીઓ તથા હરિભક્તો, ભાઈ-બહેનો એક ટીમવર્ક બનાવીને એકસોને વીસ કારોને ધોવામાં આવેલ. આ સમયે સવારના ૯ વાગ્યાથી ૬ વાગ્યા સુધી ૧૮૦૦ જેટલા પાઉન્ડ એકઠાં કરેલ. સાથે સાથે મંદિરે મહારાજ સમક્ષ દાનપેટીમાં અલગ દાન પેટી મુકવામાં આવેલ. દાનપેટીમાંથી પાઉન્ડ એકઠાં કરેલ. આ સર્વે દાન તથા અન્ય ભેટ યોગ્ય જગ્યાએ પહોંચાડવામાં આવશે.

અહેવાલ :- મંત્રી, પુલકીટભાઈ કોરાટ

---


## શ્રીસ્વામિનારાયણ યુવક મંડળ, એડિલેડનો એક્ટીવીટી કાર્યક્રમ

શ્રીસ્વામિનારાયણ યુવક મંડળ, એડિલેડ તરફથી નીચે મુડબની ઈસર હોલીડેની એક્ટીવીટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

તારીખ ૩-૩-૨૦૧૫ના શુક્રવારના સવારે મંદિરની બાજુમાં મનોરફાર્મ સ્ટોર્સ ગ્રાઉન્ડમાં યુવક મંડળ તથા યુવતી મંડળની સ્ટોપર્સ એક્ટીવીટી કરવામાં આવી હતી જેમાં આશરે ૬૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો. આ દિવસે સાંજે મંદિરમાં મ્બ્ઊ કરવામાં આવ્યું હતું. અને શ્રી ઘનશ્યામ મહારાજના મહાપ્રસાદનો સર્વે હરિભક્તોએ લાભ લીધો હતો. સોમવાર તારીખ ૫-૩-૨૦૧૫ના ફ્રીંહ ઁટ્ટામિં છર્ષ્ટૈંદ્બૈંઅનું આયોજન કરવામાં આવેલ હતું પરંતુ વરસાદ તથા હવામાન અનુકુળ ન હોવાથી બધા હરિભક્તોને મંદિરમાં બોલાવીને ઁહર્દ્બિ ય્હ્વદ્બીજનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં લગભગ ૫૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો. ઉપરોક્ત તમામ છર્ષ્ટૈંદ્બૈંઅ ખૂબ જ સફળ રહી હતી. અને તેનું તમામ આયોજન તથા સંચાલન એડીલેડ શ્રીસ્વામિનારાયણ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

અહેવાલ :- હરિશભાઈ પાંચાણી

# કાચી કેરી




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

એક હતો છોકરો. એનું નામ રમેશ. રમેશ ભણવામાં હોશિયાર હતો. શિક્ષક જે શીખવે તે ધ્યાન દઈને સાંભળે, ને ભણે. એના જ વર્ગમાં એક બીજો વિદ્યાર્થી હતો. એનું નામ ચંદુ. રમેશને ચંદુની દોસ્તી થઇ ગઇ. બેઉ સાથે રમે ,સાથે ફરે.

પણ ચંદુને એક કુટેવ હતી- માવો ખાવાની. એની સોબતથી રમેશ પણ માવો ખાતો થઈ ગયો. માવાની ખરાબ તલપમાં એનો અભ્યાસ બગડવા લાગ્યો. એ ભણવામાં પાછો પડ્યો.

રમેશની માએ વિચાર કર્યો કે છોકરાને સીધે સીધું દોસ્તી છોડવાનું કહીશ તો એ માનશે નહિ અને હઠ પકડશે. તેથી તેણે એક યુક્તિ કરી. તેણે એક દિસવ રમેશને અખરોટ આપી કહ્યું : 'બેટા, આ અખરોટ તું તારા દાંતથી તોડીને ખાઇ શકીશ ?' રમેશને અખરોટ બહુ ભાવે, તેણે કહ્યું : ' અખરોટ શું, કાચા ચણા ચાવી ખાઉં જાઉ એવા મારા મજબૂત દાંત છે'.

માએ કહ્યું : 'તો તો બહુ સરસ ! તને કાચી કેરી પણ ભાવે છે ને ? તો લે, આ કેરી ખા !' આમ કહી માએ એને કાચી કેરી આપી. રમેશ ખુશ થઇ ગયો. તેણે તેજ વખતે કાચી કેરી ખાઇ ગયો. પછી માએ વહાલ કરી કહ્યું : 'લે, બેટા, હવે આ ભાત ખા ! આજે ખાસ તારા માટે કેસરિયો ભાત કર્યો છે.' રમેશ ભાત ખાવા બેઠો, પણ કાચી કેરી ખાવાથી દાંત ખાટા થઇ ગયા હતા, તેથી એ ભાત ખાઇ શક્યો નહિ. તેણે કહ્યું : 'મા, મારાથી આ નહિ ખવાય!'

માએ કહ્યું : 'કેમ, એકાએક શુ થયું ? તું દાંતથી અખરોટ તોડી નાખે છે, અને તું કહેતો હતો કે હું કાચા ચણા પણ ચાવી જાઉ એવા મારા દાંત મજબૂત છે, અને આ પોચો ભાત નથી ખાઈ શક્તો ?'

રમેશે કહ્યું :'ખાઇ શકું, પણ મેં હમણાં કાચી કેરી ખાધી ને, એટલે આમ થાય છે!'

માએ કહ્યું 'એનો અર્થ એ કે તારા દાંતને કાચી કેરીનો સંગ નહોતો કરવો જોઈતો, તોયે કર્યો, તેથી આવું બન્યું ! જેનો સંગ ન કરવો જોઈએ એનો કરીએ તો આવું બને છે, તારૂં ભણતર આજે બગડ્યું છે, તે બગડવાનું પણ આજ કારણ છે. તારે માવો ખાનાર ચંદુનો સંગ નહોતો કરવો જોઈતો, છતાં તેં કર્યો, તો તારૂં ભણતર બગડ્યું !'

રમેશ થોડીવાર વિચારમાં પડી ગયો.

પછી તેણે કહ્યું : 'પણ મા, મેં જેમ ચંદુનો સંગ કર્યો, તેમ ચંદુએ મારો સંગ કર્યો, તો મારી અસર એના પર કેમ ન થઈ ?' માએ કહ્યું : 'એમાં તો એવું છે ને,બેટા, કે સારા કરતાં ખોટાની અસર વહેલી થાય છે, તે ધીરે ધીરે કામ કરે છે, અને ભૂંડૂં છે તે જલદી કામ કરે છે, ચિત્ર દોરતાં વાર લાગે છે પણ એના પર શાહી ઢોળતાં વાર લાગતી નથી!'

માની વાત રમેશ બરાબર સમજી ગયો. તેણે ચંદુની દોસ્તી છોડી દીધી, એટલે માવો તો ગયો જ. થોડા દિવસ પછી ચંદુ પોતે રમેશની પાસે આવ્યો ને બોલ્યો : 'મારે તારી દોસ્તી જોઈએ છે.' ત્યારે રમેશે કહ્યું :' માવો ખાય એવો દોસ્ત મને ન જોઈએ !'

ચંદુએ કહ્યુ: 'તો આજથી માવો ખાવો બંધ!'

રમેશે કહ્યું: 'મન દઈને ભણે નહિ એવો દોસ્ત પણ મારે ન જોઈએ!'

ચંદુએ કહ્યું: 'હું મન દઈને ભણું, પણ તારે મને એમાં મદદ કરવી પડે.'

રમેશે કહ્યું: 'દોસ્તને મદદ નહિં કરૂં તો કોને કરૂં?'

આમ ફરી પાછી બેયની દોસ્તી થઈ ગઈ. આ વખતની દોસ્તીથી બેઉને ફાયદો થયો. રમેશની સાથે ચંદુ પણ ભણવામાં આગળ વધ્યો. બન્નેની માતાઓને સુખ થયું.

બાળ મિત્રો, વ્યસન એ કાચી કેરી જેવું છે. કાચી કેરી જેમ ગમે તેવો સારા દાંતને પણ ખાટ્ટા કરી દે છે, તેમ વ્યસન સારા માણસને પણ વ્યસની કરી દે છે. માવો, તમાકું, ભાંગ, ગુટકા, બીડી, દારૂ-આ બધા વ્યસનો છે. ઘનશ્યામ મહારાજના બાળકોએ આ વ્યસનોથી કાયમ દૂર રહેવું જોઈએ. સદ્‌ગ્રંથો વાંચવાથી, સંત પુરૂષોનો સંગ કરવાથી, ભગવાનનું નામ સ્મરણ અને કીર્તન કરવાથી વ્યસનોથી દૂર રહેવાની શક્તિ આવે છે. આથી ચાતુર્માસમાં શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં બતાવેલા આઠ નિયમોમાંથી એકાદ નિયમ જરૂર લેજો. તથા કંઈ વ્યસન જેવી કુટેવ હોય તો તે છોડવાનો પણ નિયમ લેજો.

## -: જ્ઞાનસરિતા :-

### -: જ્ઞાનમાળા:-

૧. શ્રીસ્વામિનારાયણ ભગવાન કયા મહિનામાં ઘરનો ત્યાગ કર્યો?
(અ)અષાઢ (બ)શ્રાવણ
(ક)જેઠ (ડ)કારતક

૨. નીલકંઠવર્ણીએ ચાતુર્માસના ચાર મહિના તપ કયા કર્યું હતું?
(અ) બદ્રિકાશ્રમ (બ) નવલખા પર્વત
(ક) હરિદ્વાર (ડ) પુલહાશ્રમ

૩. ચાતુર્માસની શરૂઆત કયા દિવસથી થાય છે?
(અ) ભીમ એકાદશી (બ) દેવશયની એકાદશી
(ક) પ્રબોધની એકાદશી (ડ) ગુરુપૂનમ

૪. માવ મળ્યાં ત્રણ તાપ ટળ્યાં, આ કિર્તન કોણે બનાવ્યું છે?
(અ) બ્રહ્માનંદ (બ) પ્રેમાનંદ
(ક) મુક્તાનંદ (ડ) સુખાનંદ

૫. ચાણકયનું બીજું નામ શું હતું?
(અ) વિષ્ણુગુપ્ત (બ) ચંદ્રગુપ્ત
(ક) શતધન્વા (ડ) શકટાર

૬. નિષ્કળાનંદ સ્વામીનો જન્મ કયા ગામમાં થયો હતો?
(અ) લાકડીયા (બ) આધોઈ
(ક) શેખપાટ (ડ) ભાદરા

૭. નારાયણ સરોવરની પાસે કયું તીર્થ આવેલું છે?
(અ) ટપકેશ્વર (બ) જળેશ્વર
(ક) શંખેશ્વર (ડ) કોટેશ્વર

૮. મહાભારતની રચના કોણે કરી છે?
(અ) મરીચી (બ) કશ્યપ
(ક) વેદવ્યાસજી (ડ) શુકદેવજી

૯. ભક્તિમાતાનું પ્રેમવતી નામ કોણે પાડયું હતું?
(અ) લોકો (બ) ધર્મદેવ
(ક) બાલશર્મા (ડ) કૃષ્ણશર્મા

૧૦. દેવતાનું નૈવેદ્ય હોય તો પણ શું ન લેવું?
(અ) માંસ (બ) સુરા
(ક) દારૂ (ડ) અ,બ,ક, ત્રણે

## તપ યજ્ઞનું વિશિષ્ટ પર્વ : ચાતુર્માસ

- બાળમિત્ર! અષાઢ સુદ ૧૧થી ચાતુર્માસનો પ્રરંભ થાય છે.
- તો નિયમ લેવાનું ભુલતા નહિ. કોઇ પણ એક,બે નિયમ જરુર લેજો.
- શિક્ષાપત્રીમાં કહેલા આઠ નિયમોમાંથી અને વિશેષમાં પણ નિયમો લઇ શકાય. ચાતુર્માસ કોરો ન જવો જોઇએ.
- મંદિરમાં રોજ ૧૧ દંડવત્ અને ૧૧ પ્રદિક્ષણા કરવી.
- દરરોજ આરતીમાં અને શ્રી ઘનશ્યામ બાલ મંડળની સભામાં જવું.
- દરરોજ પૂજા કરવી- ૫ માળા કરવી- એક કીર્તન બોલવું.
- સ્વામિનારાયણ વાંચનમાળાની એક વાર્તા વાંચવી.
- બજારનું કંઇ પણ ખાવું પીવું નહિ.
- રાત્રે સુતી વખતે ઘનશ્યામ મહારાજનાં ૧૦ નામો યાદ કરવા.
- ટી.વી.માં કોઇ પણ ફિલ્મ જોવી નહિ.
- એકાદશી કે પૂનમના ભુજ દર્શન કરવા જવું.
- એકાદશીના ઉપવાસ કે એકટાણું કરવું.
- ઘરમાં દરેક સભ્યને જય સ્વામિનારાયણ કહેવા.

### સરનામું

નામ.......................................................


ગામ ........................તાલુકો.......................

ઉંમર............શાળા...................................

ધો.............. મો.ન.......................................

## -: શબ્દ રચના :-

શ્રીજીમહારાજ માળા કરતા હતા એટલે ભકતોએ પૂછયુ મહારાજ તમે કોની માળા કરો છો. ત્યારે મહારાજે કહ્યું કે અમે અમારા ભકતોની માળા કરીએ છીએ જે ભકતોને મહારાજ યાદ કરતા હોય એ ભકતો કેટલા ઉત્તમ કહેવાય આવા ભકતોના નામ આ માળાના મણકામાં મુકેલા છે. તે પૂર્ણ કરો



# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૨૫૧/- | દક્ષિત માવજી રાઘવાણી | બળદીયા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦૦/- | રામજી મનજી રાઘવાણી | બળદીયા હાલે બોલ્ટન | સુપુત્રી ચિ. લક્ષ્મીબેનના લગ્ન નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | જીની શિવજીભાઈ હીરાણી | માનકુવા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | હીના મુળજી વેકરીયા | સુરજપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | કિશન ભરતભાઈ પંડ્યા | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૨૫/- | શાંતિલાલ ખીમજી રાબડીયા | સરલી | દીકરીના જન્મ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | ધનુબેન નરેશભાઈ પિંડોરીયા | માધાપર હાલે નૈરોબી | શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | કલ્પના મનોજભાઈ પિંડોરીયા<br>હ. શિવજીભાઈ પિંડોરીયા | માધાપર હાલે નૈરોબી | શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | ભાનુબેન શિવજી ધનજી પિંડોરીયા | માધાપર | નૈરોબીથી પરત આવતાં તબિયત સારી થતાં ભેટ |
| ૧૫૧/- | શિવજીભાઈ ધનજીભાઈ પિંડોરીયા (માસ્તર) | માધાપર | પૂ. મહંત સ્વામીના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | નરેશ શિવજીભાઈ પિંડોરીયા<br>હ. શિવજીભાઈ પિંડોરીયા | માધાપર હાલે નૈરોબી | શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | મનોજ શિવજીભાઈ પિંડોરીયા | માધાપરહાલે નૈરોબી | શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | અક્ષીબેન મનોજ પિંડોરીયા<br>હ. શિવજી | માધાપર નૈરોબી | ચિ. અક્ષીબેનના સગપણ (ચાંદલા વિધિ નિમિત્તે) ભેટ |
| ૫૦૦/- | કસ્તુર મયુરભાઈ | બળદીયા હાલે ઓસ્ટ્રેલીયા | તેમના ઘેર (બેબીનો) પુત્રીનો જન્મ થતાં તે નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | હિતેશ શીવજીભાઈ કેરાઈ | કેરા | નોકરીમાં પ્રથમ પગાર મળતા તેમજ સારું કામ મળી જતાં ભેટ |
| ૧૦૧/- | મેહુલ ચંદ્રવદન મહેતા | ભુજ | શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | અક્ષય હરેશભાઈ જેઠી, પાર્થ હરેશ | ભુજ | અક્ષય અને પાર્થ બંને સારા માર્કસથી પાસ જેઠી થતાં ભેટ |
| ૨૦૧/- | પ્રેમીલાબેન વિપુલ પિંડોરીયા | માધાપર | પુત્ર ચિ. માધવના જન્મ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | રુદ્ર માવજી હીરાણી | સુખપર રોહા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | વાસંતીબેન પ્રવિણ પિંડોરીયા | માધાપર | શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૧/- | કાનજી કરસન રૂપાલીયા | સુખપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |












(૧) ભુજ મંદિર સંચાલિત કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થિનીઓ માટે નવી ગાડીનું પૂજન કરી અર્પણ કરતા મહંત સ્વામી-ભુજ (૨) ગાંધીધામ ગુરૂકુળના વિદ્યાર્થીઓને ઉત્તર ભારતની યાત્રાનું પ્રસ્થાન કરાવતા પૂજ્ય સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ સંતો-ભુજ. (૩-૪) પુરૂષોત્તમ માસ (અધિક માસમાં) ઉજવાતા વિવિધ ઉત્સવો-ભુજ. (૫) પુરૂષોત્તમ માસ દરમ્યાન રથયાત્રા-કોડકી. (૬-૭) સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ પ્રસંગે હરિભક્તો અને વાજીન્ત્રદળ-પર્થ ઓસ્ટ્રેલીયા. (૮-૯) શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર નિમિત્તે પ્રભાતફેરી, નવ નિર્માણાધીન શ્રી ક.સ. સ્વામિ. મંદિર નાઈરોબી તાબાના નૂતન મંદિર મહોત્સવ ઉપક્રમે શહેરમાં નીકળેલી ભવ્ય પ્રભાત ફેરી-નાઈરોબી. (૧૦) યોગ દિવસે યોગ કરતા શ્રી ઘનશ્યામ એકેડેમીના વિદ્યાર્થીઓ-નારણપર ગુરૂકુળ.

RNI NO. GUJGUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Regd. No. GKCH-158/2015-2017
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 31-12-2015

# ત્રિદિવસીય જ્ઞાનયજ્ઞ મહોત્સવ પ્રસંગે ઉજવાયેલ ઉત્સવો તથા યજમાન ભુજ મંદિરના કોઠારી પ.ભ. રવજીભાઈ માવજી ભુડીયાને પ્રસન્નતાની પહેરામણી કરતા પ.પૂ. મહંત સ્વામી આદિ સંતો-ભૂજ





